વર્ષ : ૪૧ • અંક : ૧૧
નવેમ્બર - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

## શ્રીમદ્ રાજચંદ્રજી જન્મભૂમિ - વવાણિયા





(જન્મતારીખ : ૯-૧૧-૧૮૬૭,
કાર્તિક સુદ પૂર્ણિમા, વિ.સં. ૧૯૨૪)

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# શ્રી દીપાવલી આરાધના શિબિર વેળાએ


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


આદ. શ્રુતપ્રજ્ઞ સ્વામીજી


બા.બ્ર. સુરેશજી


શ્રુતપૂજા

સંસ્થા પ્રકાશિત 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન' પુસ્તક (બીજી આવૃત્તિ)ના વિમોચન વેળાએ



પરમકૃપાળુદેવની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી વેળાએ ઉપસ્થિત પૂજ્યશ્રી આત્માનંદજી, પૂ. રાકેશભાઈ, પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ, જ્ઞાનમંદિર, પાલડીના ટ્રસ્ટીઓ



પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે પૂ. શ્રી રાકેશભાઈનું અભિવાદન



-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૨૧ ......... ...................... પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૬

(૩) માનવમાંથી મુમુક્ષુતા ભણી ................. ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન ... પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ..................... .................. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૬

(૭) શ્રાવકાચાર .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૧

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩

(૯) આત્માની નિષ્ક્રિયત્વશક્તિ .. શ્રી વલભજી હીરજી ... ૨૮

(૧૦) અવધાન પ્રયોગ બાળ અને યુવા રાજના ..... ................... ડૉ. દીપકભાઈ તુરખિયા .... ૨૯

(૧૧) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૪



**વર્ષ : ૪૧ નવેમ્બર, ૨૦૧૭ અંક - ૧૧**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પ્રભુ !**

અમારા વિચારોને એટલા ઉદાર બનાવો કે બીજા માણસનું દૃષ્ટિબિંદુ અમે સમજી શકીએ. અમારી લાગણીઓને એટલી મુક્ત કરો કે બીજાઓ પ્રત્યે અમે તેને વહાવી શકીએ. અમારા હૃદયને એટલું સંવેદનશીલ બનાવો કે બીજાઓ ક્યાં ઘવાય છે તે અમે જોઈ શકીએ.

અમારા હૃદયને એટલું ખુલ્લું કરો કે બીજાઓનો પ્રેમ અમે ઝીલી શકીએ. અમારા ચિત્તને એટલું વિશાળ કરો કે પોતાના ને પારકાના ભેદથી ઉપર ઊઠી શકીએ. અમારી દૃષ્ટિને એટલી ઉજ્જવળ કરો કે જગતમાં રહેલાં તમારા સૌંદર્ય ને સત્યને અમે નીરખી શકીએ. અમારી ચેતનાને એટલી સૂક્ષ્મ કરો કે તમારા તરફથી અનેકવિધ રૂપમાં આવતા સંકેતો પારખી શકીએ અને તમારું માર્ગદર્શન પામી શકીએ.


હે નાથ ! મને તારી શાંતિનું વહન બનાવ. જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું. જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા, જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા, જ્યાં હતાશા છે ત્યાં આશા, જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ, જ્યાં શોક છે ત્યાં આનંદ પાથરું. હું આશ્વાસન મેળવવા નહીં, આપવા ચાહું. મને બધા સમજે એ કરતાં હું બધાને સમજવા ચાહું. મને કોઈ પ્રેમ આપે એ કરતાં હું કોઈને પ્રેમ આપવા ચાહું કારણ કે આપવામાં જ આપણને મળે છે, ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ.

"ઈતની શક્તિ હમેં દેના દાતા,
મનકા વિશ્વાસ કમજોર હો ના,
હમ ચલેં નેક રસ્તે પે હમ સે,
ભૂલકર ભી કોઈ ભૂલ હો ના."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્‌ રાજચંદ્રજી



### પત્રાંક ૭૭૩

**વવાણિયા, ચૈત્ર સુદ ૧૫, શનિ, ૧૯૫૩**

**શ્રી સર્વજ્ઞાય નમઃ**

જે વેદનીય પર ઔષધ અસર કરે છે, તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે, એમ કહ્યું નથી, કેમકે તે ઔષધ અશુભકર્મરૂપ વેદનીયનો નાશ કરે તો અશુભકર્મ નિષ્ફળ થાય અથવા ઔષધ શુભ કર્મરૂપ કહેવાય. પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે તે અશુભ કર્મ વેદનીય એવા પ્રકારની છે કે તેને પરિણામાંતર પામવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે. મંદ કે મધ્યમ શુભ અથવા અશુભ બંધને કોઈ એક સ્વજાતીય કર્મ મળવાથી ઉત્કૃષ્ટ બંધ પણ થઈ શકે છે. મંદ કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે. તેમજ તેવા અશુભ બંધને કોઈ એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે.

મુખ્ય કરીને બંધ પરિણામાનુસાર થાય છે. કોઈ એક મનુષ્યે કોઈ એક મનુષ્યપ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કરવાથી તેણે નિકાચિત કર્મ ઉત્પન્ન કર્યું છતાં કેટલાક બચાવના કારણથી અને સાક્ષી આદિના અભાવથી રાજનીતિના ધોરણમાં તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય તેથી કાંઈ તેનો બંધ નિકાચિત નહીં હોય એમ સમજવા યોગ્ય નથી, તેના વિપાકનો ઉદય થવાનો વખત દૂર હોય તેથી પણ એમ બને. વળી કેટલાક અપરાધમાં રાજનીતિના ધોરણે શિક્ષા થાય છે તે પણ કર્તાના પરિણામવત્‌ જ છે એમ એકાંતે નથી, અથવા તે શિક્ષા કોઈ આગળ ઉત્પન્ન કરેલા અશુભ કર્મના ઉદયરૂપ પણ હોય છે; અને વર્તમાન કર્મબંધ સત્તામાં પડ્યા રહે છે, જે યથાવસરે વિપાક આપે છે.

સામાન્યપણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે. પણ વિશેષ દૃષ્ટિએ તો હિંસા કરતાં અસત્યાદિનું પાપ એકાંતે ઓછું જ છે એમ ન સમજવું, અથવા વધારે છે એમ પણ એકાંતે ન સમજવું. હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેના કર્તાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તેનો બંધ કર્તાને થાય છે. તેમજ અસત્યાદિના સંબંધમાં પણ સમજવા યોગ્ય છે. કોઈએક હિંસા કરતાં કોઈએક અસત્યાદિનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે, તેમ જ કોઈએક અસત્યાદિ કરતાં કોઈએક હિંસાનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે.

ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસાર પ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં, કોઈએક પૂર્વકર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી, તે પુરુષ ગૃહસ્થાવાસમાં કુટુંબાદિના નિર્વાહ અર્થે જે કંઈ પ્રવૃત્તિ કરે છે, તેમાં તેનાં પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી. તે તો યથાપરિણામ બંધપણું પામે છે. કર્મના સૂક્ષ્મ પ્રકારોને મતિ વિચારી ન શકે તોપણ શુભ અને અશુભ કર્મ સફળ છે, એ નિશ્ચય જીવે વિસ્મરણ કરવો નહીં.

પ્રત્યક્ષ પરમ ઉપકારી હોવાથી તથા સિદ્ધપદના બતાવનાર પણ તેઓ હોવાથી સિદ્ધ કરતાં અર્હંતને પ્રથમ નમસ્કાર કર્યો છે.

■ ■ ■

# શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૨૧
## (મુદ્દા - ૮૪, ૮૫, ૮૬)

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



**(૮૪) વસ્તુને વસ્તુગતે જુઓ :**

આપણે ૯૯.૯૯% જે વસ્તુઓને જોઈએ છીએ તે વસ્તુઓ મિશ્ર છે. મિશ્ર એટલે કે વસ્તુ સાથે અન્ય પદાર્થનો સંયોગ છે. શાસ્ત્રીય દૃષ્ટિથી આ મુદ્દાની વિચારણા કરીએ તો પ્રથમ એ વિચાર આવે કે વસ્તુનું મૂળ સ્વરૂપ શું છે ? મૂળ સ્વરૂપ એટલે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ જુઓ. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ જીવના મૂળ સ્વરૂપને બતાવતા કહ્યું છે,

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ."

આ મૂળ વસ્તુ છે. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે. તેની સાથે આત્માનો વિચાર કરવાનું શ્રીમદ્જીએ આપણને કહ્યું કે કર વિચાર તો પામ. જે સમજી શકાય અને જેનો પ્રયોગ વિશેષ મુમુક્ષુઓ કરી શકે તે છે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ અને દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી થવા યોગ્ય વિચારણા. જેમ કે કોઈ વ્યક્તિએ ૨૫૦૦૦ રૂપિયાની ઘડિયાળ અને ૩ લાખનો સોનાનો પટ્ટો પહેર્યો હોય તો આપણે તેને જોતાં જ સામાન્ય રીતે અંજાઈ જઈએ છીએ. ઘડિયાળને જોતાં પટ્ટો ભૂલી જવાય અને પટ્ટો જોતાં ઘડિયાળ ભૂલી જવાય છે ! પરંતુ ભગવાન કહે છે કે તે પટ્ટો અને ઘડિયાળ બંને જૂઠા છે. તું પટ્ટામાં સોનું જોવાની દૃષ્ટિ કેળવ. માતાઓએ ખાસ એ દૃષ્ટિ કેળવવી. તમારા માટે કોઈ ઘણા બધા ઘરેણાં લાવે તો દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી આ બધું સોનું છે, એથી વિશેષ કાંઈ છે નહિ એમ સમજવું. પણ આપણે રાગ-દ્વેષને આધીન છીએ એટલે દ્રવ્ય તરફ દૃષ્ટિ જતી નથી. આ કુટેવ તે સંસારપરિભ્રમણ કરાવે તેવી છે. માટે અધ્યાત્મયોગીશ્વર આનંદઘનજી કહે છે કે,

"વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે
આનંદઘન મત સંગી રે."

ઘણી યોગ્યતા, અભ્યાસ, વૈરાગ્ય, એકાંત સાધના, ઘણા સદ્ગુણોનો જીવનમાં અભ્યાસ કર્યો હોય ત્યારે એવી દૃષ્ટિ સ્પષ્ટ થાય છે કે,

"સકળ જગત તે એંઠવત, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન."

કોઈ બહુ સારા દેખાવડા ભાઈ કે બહેન હોય તેને જોઈએ ત્યારે જ્ઞાની આપણને ટકોરા મારીને ચેતવે છે -

"ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ,
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ."

આવું તત્ત્વચિંતન, વિવેક, જાગૃતિ કોઈ વિરલાને જ આ કાળે હોઈ શકે પરંતુ આવું બનવું સાધક માટે અનિવાર્ય છે. આવી આત્મદૃષ્ટિ આત્મજ્ઞાન થતાં જ પ્રગટે છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

"અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તેને સમય માત્રમાં જાત્યાંતર કરી ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યક્દર્શનને નમસ્કાર હો."

ભક્ત કવયિત્રી શ્રી મીરાંબાઈ પણ કહે છે,

"ઉલટ ભઈ મોરે નયનન કી,
મોહે લાગી લટક ગુરુ ચરનન કી."

ગુરુના ચરણને તત્ત્વદૃષ્ટિએ જોતાં શુદ્ધાત્મા પ્રગટ થાય છે. ભગવાન કે ગુરુને આપણી ગરજ

નથી કે આપણે તેમની સ્તુતિ કરીએ, પૂજા કરીએ પરંતુ આપણે દ્રવ્યાર્થિકનયના અવલંબનપૂર્વક સમ્યક્ પ્રકારથી તેમનું શરણ લઈ નિર્વિકલ્પ થવું છે માટે તેમની ભક્તિ, પૂજા, ચિંતનાદિ કરીએ છીએ. તેમ થવા માટે આત્માની દૃષ્ટિ અને આત્મામાં સ્થિરતા આવશ્યક છે. પ્રથમ શુદ્ધનયની દૃષ્ટિ કરવી પડે છે. તે કરતાં કરતાં ચારિત્ર તો ખેંચાઈને આવે છે. હા, તેના માટે પણ સ્વતંત્ર પુરુષાર્થ કરવો પડે છે. પરંતુ જેની પાસે આ દ્રવ્યદૃષ્ટિ આવે તેનો અડધો મોક્ષ થઈ ગયો સમજવો. અધ્યાત્મ કવિવર શ્રી બનારસીદાસજી કહે છે કે,

"ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ,
શીતલ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલિ કરે શિવમારગ મેં,
જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન;
સત્ય સ્વરૂપ સદા જિન કે
પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,
શાંતદશા તિનકી પહિચાની,
કરે કર જોરી બનારસી વંદન."

શાંતદશા તે ચારિત્રગુણની પર્યાય છે. હંમેશાં એ ધ્યાનમાં રાખવું કે કોઈ એક નયથી કામ થતું નથી. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિમાં કહ્યું છે કે

"નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બંને સાથ રહેલ.
નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."

આત્મા તે કમળના ફૂલ જેવો છે. કમળ જેમ અલગ અલગ પાંખડીઓથી બનેલું છે તેમ આત્મા ક્ષમા આદિ ગુણોનો બનેલો છે. તે સંપૂર્ણ ફૂલની જેમ આત્મા છે તેની દૃષ્ટિ તે દ્રવ્યદૃષ્ટિ છે અને એક ગુણ પર દૃષ્ટિ કરીએ તે પર્યાયાર્થિકનય છે. આમ જાણીને આપણે દુનિયામાં કોઈપણ પદાર્થથી પ્રભાવિત થવું નહીં. જેમણે સમગ્ર દુનિયાની વસ્તુથી અપ્રભાવિત રહેવાની કળા શીખી લીધી છે તે પરમાત્મા કહેવાય છે.

"પ્રશમરસ નિમગ્નં દૃષ્ટિ યુગ્મં,
પ્રસન્નં વદનકમલમંકઃ કામિની સંગશૂન્યઃ
કરયુગમપિ યત્તે શસ્રસંબંધવધ્યં
તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ."

**— શ્રી ધનપાલ કવિ**

ભગવાન કોઈની સામે જોતાં નથી. તેઓ તો પોતાના સામે જ જોવે છે. ભગવાનનું સ્વરૂપ જાણીને તેમનું શરણ લેવું. તે વિના નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી. વ્યવહાર સમ્યગ્દર્શન એટલે પરમાત્મા પ્રત્યે, શ્રી સદ્ગુરુદેવ પ્રત્યે, તેમની દિવ્યદેશના પ્રત્યે પ્રચૂર પ્રીતિ. તેમના પ્રત્યેની આ પ્રીતિ જ્યારે પ્રબુદ્ધ થશે ત્યારે ભગવાન તમને કહેશે કે મારા સામે જોશો નહિ, પોતાની સામે જોવાની કળા પ્રાપ્ત કરો. મારા તરફ જોશો તો ઘણું પુણ્ય થશે, પરંતુ તે પુણ્ય તમારા જીવનનું ધ્યેય નથી. ધીમે ધીમે ગુરુગમથી, આગમથી, સુયુક્તિથી અને એકાગ્રતાના અભ્યાસથી તે દૃષ્ટિ ક્રમશઃ સંપન્ન થાય છે. મનુષ્યભવમાં બે મોટા ભગીરથ કાર્ય આપણે કરવાનાં છે : (૧) દર્શનમોહનો ક્ષય કરવો અને (૨) ચારિત્રમોહનો નાશ કરવો. આ કાળમાં ચારિત્રમોહનો સંપૂર્ણ નાશ આ ક્ષેત્રે થઈ શકતો નથી પરંતુ મહાન અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યાદિ મહામુનિશ્વરોએ આ કાળમાં જેટલો સંભવ છે તેટલો તેનો નાશ કરી તેટલો મોક્ષ પ્રાપ્ત કર્યો છે. માટે આપણે પણ આ ક્ષેત્રે જેટલો મોક્ષ સંભવિત છે તેને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

**૮૫. ધર્મનું મૂળ વિ. છે :**

વિ. એટલે વિનય કે વિવેક. વિનય તે ભક્તિમાર્ગની અને વિવેક તે જ્ઞાનમાર્ગની પરિભાષા

છે. પરંતુ બંને વિના ચાલતું નથી. ज्ञानक्रियाभ्यां मोक्षः । તે બંનેનો સમન્વય આવશ્યક છે.

જ્યાં મતિની ગતિ નથી ત્યાં આત્મા મળશે. ભાઈ ! જ્યાં સુધી તું તારી મતિ ચાલુ રાખીશ અને તારા આત્માનું પેટ્રોલ જે તારી મતિનું એટલે કે વિકલ્પનું પોષણ કરશે ત્યાં સુધી આત્મા મળશે નહીં. વિકલ્પના ઉત્પત્તિસ્થાનમાં જાઓ, વિકલ્પ તો પર્યાય છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી સહજાનંદજી વર્ણીજી કહે છે કે,

"મૈં જ્ઞાનમાત્ર પર ભાવ શૂન્ય,
હૂં સહજ જ્ઞાનઘન સ્વયં પૂર્ણ."

આત્મજ્ઞાન જ્યારે પણ થાય છે પૂર્ણ થાય છે અને કાં તો થતું નથી. ગમે તેમ કરીને પણ આપણા જીવનમાં વિનય અને વિવેક અપનાવવાં. વિવેક દ્વારા આત્મદૃષ્ટિ થાય છે, જેનું ફળ આત્મજ્ઞાન છે.

**૮૯. તેનું નામ વિદ્યા કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય :**

सा विद्या या विमुक्तये । આ વિદ્યા તે પરા વિદ્યા છે, જેને પ્રાપ્ત કર્યા પછી કાંઈ પણ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. ભગવાને તે વિદ્યા પ્રાપ્ત કરી છે. તેમણે અંતરાય કર્મનો નાશ કરી અનંતવીર્ય પ્રગટ કર્યું, જેથી તેઓ અનંતકાળ સુધી અનંત આનંદ ભોગવશે. આવો તેમનો અલૌકિક મહિમા છે તેને જાણવો. શ્રી શાંતિનાથ ભગવાનનું નામ, તેમની મુદ્રા, તેઓ જેમાં લીન થયા છે - જે અમૃત તેઓ પી રહ્યા છે તેને જો સમ્યક્ પ્રકારે ખ્યાલમાં લઈશું તો આપણને પણ તે અમૃતની પ્રાપ્તિ થશે. ઉપનિષદમાં કહ્યું છે કે,

**"एकेन ज्ञातेन सर्वं विज्ञातम् भवति इति किम् ।"**

એક એવો પદાર્થ બતાવો જેને યથાર્થરૂપે જાણતા સમસ્ત વિશ્વનું જ્ઞાન થઈ જાય ? તે પદાર્થ છે સ્વયં પોતાનો આત્મા. જે સ્વરૂપથી શુદ્ધ છે તેને જે જાણે છે તે ક્રમશઃ અમર થઈ જાય છે. સમ્યક્દૃષ્ટિનો સંસાર સાંત થઈ જાય છે. તેને સમજવા માટે જ્ઞાનચક્ષુ દ્રવ્યાર્થિકનયની જરૂર છે. આવા ભગવાનના ગુણોને અંતરથી માનીને હૃદયમાં સ્થિર કરવાં તે જ તેમની સાચી ભક્તિ છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યે શ્રી પ્રવચનસારની ૮૦મી ગાથામાં કહ્યું છે,

"જે જાણતો અરિહંતને, ગુણ-દ્રવ્યને પર્યયપણે;
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે."

જ્યાં સુધી ચિંતન બહાર ચાલશે ત્યાં સુધી આત્માનુભૂતિ થશે નહીં પરંતુ જ્યારે દૃષ્ટિ ચિંતક તરફ જશે ત્યારે તે બંને એકબીજામાં વિલીન થઈ જશે. આવી દશાને નિર્વિકલ્પસમાધિ કહે છે. આ બધું જાણીને આપણે એક જ અભ્યાસ કરવાનો છે અને તે એ કે દુનિયાની કોઈપણ વસ્તુમાં ફસાવું નહીં - અટકવું નહીં. તો તમને પ્રશ્ન થશે કે શું ભગવાનમાં પણ અટકવું નહીં ? અરે ભાઈ ! જો તું ભગવાનમાં સમ્યક્ પ્રકારે અટકીશ, ઠરીશ તો નિર્વિકલ્પ થઈ જઈશ. તેમના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને તેમનામાં તલ્લીન થવાનું ફળ જ નિર્વિકલ્પ સમાધિ છે કારણ કે જેવું ભગવાનનું આત્મદ્રવ્ય છે તેવી જ તેમની પર્યાય પણ શુદ્ધ જ છે અને આપણું આત્મદ્રવ્ય પણ નિશ્ચયનયથી તેવું છે. પરંતુ આ સાધના એક-બે કલાકની કે ૫-૧૦ કલાકની નથી. શુદ્ધનિશ્ચયનયની આ સાધના ૨૪ કલાક કરવાની છે. સાધકના જીવનમાં એવો કોઈ સમય ન હોવો જોઈએ કે જ્યારે તે પોતાના આત્માને ભૂલીને પરદ્રવ્યમાં તન્મય થઈ જાય. આવી આત્મદૃષ્ટિપૂર્વકની નિરંતર સાધના શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુના સમ્યક્ શ્રદ્ધાન અને આશ્રયપૂર્વક કરવામાં આવે તો અવશ્ય અનંતભવના ફેરા આ એક ભવમાં ટળી મનુષ્યજન્મ સાર્થક બનશે.

પરમકૃપાળુદેવના આ અમૂલ્ય અમૃતવચનોનો ભાવાર્થ - પરમાર્થ હૃદયસ્થ કરી આ મનુષ્યભવને સાર્થક કરી લેવાનો દૃઢ નિર્ણય કરીએ એ જ શુભભાવના.

■ ■ ■

પરમનો સ્પર્શ - ૯૧

# માનવમાંથી મુમુક્ષુતા ભણી

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

જરા ઊંડે ઉતરીને વિચારશો તો અનુભવાશે કે દુનિયાની કોઈ સૌથી મોટી અજાયબી કોઈ હોય, તો તે હાલતો-ચાલતો માનવી છે. આ જગતમાં માનવીને જોશો એટલે અપાર અને અનંત વૈવિધ્યનો અહેસાસ થશે. કેવા કેવા માણસો આ જગતમાં મળતા હોય છે ! કોઈ વિદ્વાન છતાં ક્રોધી હોય, કોઈ સત્તાવાન છતાં ડરપોક હોય, કોઈ ધાર્મિક છતાં દંભથી ભરેલો હોય. આવા જાત-જાતનાં રંગોથી ભરેલા માનવીઓ તમને મળશે.

કેટલાકને એમના રૂપનું એટલું અભિમાન હોય કે એની જાળવણી પાછળ પળેપળ ખર્ચતા હોય છે, તો બીજા કેટલાંક એવા પણ હોય કે જેમને એમના ધનનો ગર્વ હોય છે અને એ કોઈ પૂછે કે ન પૂછે, તો પણ પોતાની આવકના આંકડા અને નફાની વિગતો આપતા હોય છે. કેટલાક માનવી પોતાની દોસ્તીમાં પ્રાણ આપી દેતા હોય છે અને કેટલાક માનવી કોઈના પ્રત્યે ધિક્કાર સેવે, તો એનો પ્રાણ હરી લેતા હોય છે.

આ જગતમાં જેમ રંગબેરંગી પુષ્પો જોવા મળે છે, એ રીતે રંગબેરંગી માણસો નજરે પડે છે. એક મનુષ્ય મહાત્મા બનીને અનેક વ્યક્તિઓનાં જીવનમાં પ્રકાશ ફેલાવે છે, તો બીજો મનુષ્ય હિટલર બનીને માનવ-સમુદાયની ક્રૂરતાથી હત્યા કરે છે. માણસમાં જેમ દેવ છુપાયેલો છે, એ જ રીતે દાનવ પણ છુપાયેલો છે અને એથી જ કાર્લાઈલ નામના ચિંતકે કહ્યું છે કે, ''દરેક મનુષ્ય એ હરતું-ફરતું આશ્ચર્ય છે. એ બે પ્રકારે બનેલો છે. એક છે દિવ્ય અને બીજો છે પાર્થિવ. પોતાના પાર્થિવ અંશો જોઈને એણે નમ્ર થવું જોઈએ. દિવ્ય અંશ જોઈને પોતાનું આચરણ પવિત્ર તેમજ ઉદાત્ત રાખવું જોઈએ.''

આવા વિવિધરંગી માનવી તમને ઘણાં મળશે અને જુદાં જુદાં દેહવાળા માણસો પણ જોવા મળશે. પ્રાણી અને મનુષ્યમાં ઘણું સામ્ય છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન – એ બધાં પ્રાણીઓમાં અને મનુષ્યમાં જોવા મળે છે, પરંતુ માનવી પાસે એક આગવી વિશિષ્ટ શક્યતા છે. આ શક્યતા એના દેહમાં રહેલી છે. અને એથી એ પશુઓ કરતાં જુદો પડે છે. માણસની ભીતરમાં રહેલી શક્તિ એનામાં એક નવો સંચાર કરે છે, જે શક્તિ પ્રાણીમાં નથી.

માનવી અને પ્રાણી બંને દેહની આસપાસ ભમે છે. દેહના સુખની ચિંતા કરે છે. મોટા ભાગના માનવીઓના જીવનમાં દેહનો જ મહિમા હોય છે, પરંતુ માનવી પાસે આત્મા જોવાની જે 'આંખ' છે, તે પ્રાણી પાસે નથી. નરી આંખે નહીં દેખાતો આત્મા માનવી અનુભવી શકે છે. એની ભીતરી શક્તિઓનો વિકાસ સાધી શકે છે. પોતાના દેહથી એ જુદો હોવાનું જોઈ શકે છે. આવા જ્યોતિસ્વરૂપ આત્માને કારણે માનવી પાસે એક આગવી શક્તિ છે. એ પોતાના આત્માની મદદ દ્વારા અજ્ઞાત લોકની યાત્રા કરી શકે છે અને પોતાના આત્માની મદદ દ્વારા એ જીવનમાં ઊંચામાં ઊંચા અધ્યાત્મ પદને પામી શકે છે. એની પાસે દેહ હોય, છતાં દેહની પારની દશા- દેહાતીત અવસ્થા - મેળવી શકે છે. આનો અર્થ એ થયો કે માનવી પાસે જે અમૂલ્ય આત્મા છે, એ આત્મા પ્રાણીઓમાં નથી. આવા અમૂલ્ય આત્માને કારણે માનવીમાં વિકાસની અનંત શક્યતાઓ છે. માનવીએ એ શક્યતાઓ ઓળખવી જોઈએ અને એનો વિકાસ સાધવો જોઈએ.

આખી વાતનો મર્મ એ કે માનવદેહ એ બીજ છે અને એમાંથી આત્માની સુવાસ પ્રગટાવવી, એ બીજમાંથી પ્રગટતું વૃક્ષ છે. ક્યારેક આપણે જોઈએ છીએ કે બીજ માત્ર બીજ તરીકે રહી જાય છે અર્થાત્ એ બીજને વિકસવાની કોઈ તક મળતી નથી. એની સુષુપ્ત સંભાવનાઓને પ્રગટ થવાનો કોઈ માર્ગ મળતો નથી. આથી પોતાની આત્માની અનંત શક્તિઓને વિકસાવી વ્યક્તિ આત્મ-સાક્ષાત્કાર પામી શકે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે જેમ જગત અસીમ છે, તે જ રીતે મનુષ્યનો આત્મા પણ અસીમ છે.

આ આત્મા વિશે માત્ર ભારતીય પરંપરાના લોકોએ જ વિચાર કર્યો નથી. પશ્ચિમના જગતમાં પણ આત્મા વિશે ઘણો વિચાર થયો છે. માત્ર આત્માના ગુણોને જોવાની એની દૃષ્ટિ જુદી છે. આ આત્માના ગુણોને વિકસાવવા એટલે મુમુક્ષુ થવાની સંભાવનાઓને વિકસિત કરવી. માનવી તો તમને ઘણાં મળે, પરંતુ એનામાં માનવતા મળવી વિરલ છે. આથી જ કવિ સુંદરમ્ કહ્યું કે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું'. આનો અર્થ જ એ કે માનવીએ અનેક ગુણો વિકસાવીને માનવતા સિદ્ધ કરવી જોઈએ.

માનવીના ભેદ સમજવા જેવા છે. કેટલાક માનવી માત્ર પોતાના સ્વાર્થમાં કે પોતાની વૃત્તિઓમાં રમમાણ હોય છે. એમનું આખું જીવન અંગત નફા-તોટાને આધારે ગાળતા હોય છે અથવા તો આખીય જિંદગી કોઈને કોઈ વૃત્તિના ગુલામ બનીને વ્યતીત કરતા હોય છે.

આમ માનવીને સ્વાર્થ બાંધે છે, વૃત્તિ બાંધે છે, એના દેહની ચિંતા બાંધે છે અને આ બધાં બંધનોને પરિણામે માનવી સાચો માનવી બનતો નથી અને એનામાં માનવતા જન્મતી નથી. માનવી ખરો મુમુક્ષુ તો ત્યારે થાય, જ્યારે એના જીવનમાં મુક્તિની ઝંખના જાગે. એને પોતાના જીવનના બંધનોમાંથી મુક્ત થવું છે અને એને માટે પોતાના આત્માની મદદ લઈને એ મુક્તિના માર્ગે ગતિ કરતો હોય છે. બહુ ઓછી વ્યક્તિઓ આ મુમુક્ષુભાવ સુધી પહોંચતી હોય છે. બહુ વિરલ વ્યક્તિઓને જ આ બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત છે. સમાજમાં તમે જોતા હશો કે ઘણી વ્યક્તિઓ દેહના બંધનમાંથી મુક્તિ પામવાની ઘણી વાતો કરતી હોય છે, પરંતુ એ વાસ્તવમાં એમનો દેહભાવ છોડી શકતી નથી. હકીકતમાં તો ઘણી જગાએ મુક્તિ માત્ર વાતોમાં જ રહેતી હોય છે. આવી વ્યક્તિને કંઈ પણ પૂછવામાં આવે તો એ માત્ર એટલું જ કહેશે કે મારે તો મારા આત્માને આ બધાં બંધનમાંથી મુક્ત કરવો છે. પરંતુ આટલું કહ્યા પછી તરત જ એ બંધન વધારતી પ્રવૃત્તિઓમાં ડૂબી જાય છે.

મુક્તિને પામવા માટે માનવી જપ, તપ કે જુદા જુદા પ્રકારની ક્રિયા કરતો હોય છે. એ મુક્તિ આપતી ધર્મક્રિયાઓમાં જોડાય છે, પરંતુ એવું પણ બને છે કે આ ધર્મક્રિયાઓ કર્યાનો અહમ્ એના ઉપર એટલો બધો છવાઈ જાય છે કે મુક્તિ-માર્ગ પામ્યાનો ઘમંડ લઈને એ ઘૂમતો હોય છે. આથી મુક્તિ વિશે ચર્ચા કરનારને પણ ઘણી વાર બંધનમાંથી છૂટવું હોતું નથી. ઘણાને તો આવી ચર્ચામાં જ એટલો બધો રસ પડી જાય છે કે મુક્તિ વિશે ગંભીરતાથી વિચાર કરતા નથી. આથી ધર્મક્રિયા કરતી વખતે પણ એ સંસાર-પરિભ્રમણ જ વધારે છે. એ ધર્મક્રિયા પાસે અટકી જાય છે અને મુમુક્ષા સુધી પહોંચતો નથી.

પોતાની ધર્મક્રિયાઓમાં પોતાનો અહમ્ રેડીને પોતે કરેલાં અનુષ્ઠાનો કેટલાં મહાન છે એમ કહેતો ફરે છે. જ્યાં પ્રદર્શન ન હોય, એવી બાબતમાં પ્રદર્શન અને દંભ જોવા મળે છે. ક્યારેક એ ધર્મના અનુષ્ઠાનો કરતો હોય છે, તો ક્યારેક ગંભીરતાથી એ વિચારતો નથી કે મેં તો બંધનમાંથી મુક્તિ માટે પ્રયાસ કરવાનો સંકલ્પ કર્યો છે. આ સંસારથી અને એના વિભાવોથી

હું હવે થાકીને લોથ-પોથ થઈ ગયો છે. આવી બધી ક્રિયાઓ હકીકતમાં તો મુક્તિને દૂર ઠેલે છે.

હૃદયમાં મુક્તિનો વિચાર જાગવો એ જ મહત્ત્વની બાબત છે. મોટાભાગની વ્યક્તિ તો મુક્તિને પ્રાપ્તિ સાથે જોડી દે છે. અને પછી એક સમય એવો આવે છે કે એમની દૃષ્ટિ પ્રાપ્તિ પર રહે છે અને મુક્તિ ક્યાંય ગૂમ થઈ જાય છે. આથી આ જગતમાં મુક્તિની વાતો કરનાર ઘણાં મળશે, પરંતુ મુક્તિને માટે સાચા દિલથી પ્રયત્નો કરનારા મુમુક્ષુ વિરલા જ મળશે. એ મુમુક્ષુ ધર્મનું જે રીતે આચરણ કરતા જશે, એનાથી એમનો મુક્તિનો માર્ગ ખુલ્લો થતો જશે. એમને માટે આ મુક્તિ એ જ એમનું ધ્યેય બનશે અને મુક્તિ દ્વારા પોતાના જીવનને પરમાત્મા સાથે જોડશે. આથી અજ્ઞાત સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે,

मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत् त्यज ।
क्षमार्जवदयाशौचसत्यं पीयूषवत् पिव ॥

'હે ભાઈ ! જો તું મુક્તિ મેળવવા ઇચ્છે છે તો વિષ સમાન વિષયોનો ત્યાગ કર. ક્ષમા, સરળતા, દયા, પવિત્રતા અને સત્યના અમૃતને ગ્રહણ કર.' આ સુભાષિત જ કોને મુમુક્ષુ કહી શકાય અને કોને ન કહી શકાય એનું નિદર્શક છે. તૃષ્ણાઓ એ બંધન વધારનારી છે અને તૃષ્ણામુક્તિ એ બંધન છેદનારી છે. મુમુક્ષુતા એ વિષયકષાયનાં બંધનોને છેદી નાખે છે. એ માનવીના જીવનને મૃત્યુની પાર લઈ જાય છે અને સાધકના આત્માને પરમાત્મા પ્રતિ ગતિ કરાવે છે. મુમુક્ષુતા અંગે શ્રીમદ્ રાજચંદ્રના વિચારો સાધકને પ્રેરક બને તેવા છે. મુમુક્ષુએ આ વિષય, કષાય અને મૃત્યુનાં બંધન તોડીને એના માનવપણાને મુમુક્ષુતા સુધી લઈ જવાનું છે અને આવી મુમુક્ષુતા એ જ સાધકના જીવનને સાર્થકતા અર્પે છે.

આ મુમુક્ષુતાને કેળવવા માટે એ શાસ્ત્રોનો સંગ અને મહાત્માઓના સત્સંગનો રંગ પોતાના જીવનમાં લાવવા પ્રયાસ કરે છે. શાસ્ત્રોના સંગને કારણે એને પોતાના આત્માનું ઉપનિષદ વાંચવા મળે છે. એ શાસ્ત્રગ્રંથો જીવનદૃષ્ટિ આપે છે અને ઉજળી ભાવનાઓ દર્શાવે છે. એની સાથોસાથ મહાત્માઓનો સત્સંગ એના મનમાં પરિવર્તન આણે છે. આવા સત્સંગને કારણે એની આધ્યાત્મિક તૃષા છિપાતી રહે છે અને એની દૃષ્ટિ સતત કલ્યાણ-માર્ગના પથ પર હોય છે. આ રીતે શાસ્ત્રાભ્યાસ અને સત્સંગ એ મહત્ત્વની બાબત છે. આમ, આ બંને દ્વારા વ્યક્તિ એનું જીવન કેળવતો જશે અને સમય જતાં એ માનવીમાંથી મુમુક્ષુ બની જશે.

• • •

## સમાધિતંત્ર - અમૃતરસપાન

(પાના નં. ૧૩ પરથી ચાલુ...)

સ્વરૂપનો અનુભવ થાય છે. પૂ. આચાર્યદેવે સૂક્ષ્મતા સાથે આ શ્લોકમાં કહ્યું છે કે કોઈના અવલંબનથી આત્મઅનુભવ થતો નથી. આત્માનું જ અવલંબન એક માત્ર ઉપાય છે.

**દૃષ્ટાંત :** એક ગુરુને શિષ્યે પ્રશ્ન કર્યો કે હું સ્થિર કેમ થાઉં ? ગુરુદેવ ધ્યાનસ્થ હતા. શિષ્યે બે ત્રણ વાર આ જ પ્રશ્ન દોહરાવ્યો અને તેઓશ્રીના ઉપનિષદમાં બેઠો. પણ ગુરુદેવ ધ્યાનસ્થ હતા. પછી ઊભો થઈને ચાલવા લાગ્યો. ગુરુદેવે તે સમયે આંખો ખોલી અને શિષ્યને કહે, 'ઊભો રહે.' શિષ્યે પાછું વળીને જોયું. ત્યારે ગુરુદેવે કહ્યું, ''વત્સ ! બસ, આમ જ તું જે દિશામાં જાય છે તેનાથી પાછો વળ. બાહ્યવિષયમાં જતાં સ્થિરતા નહિ થાય.'' સુશિષ્ય સમજી ગયો. પાછો ફર્યો અને સદ્ગુરુના ચરણમાં સ્થિતિ પામ્યો. નિરંતરતા આવતાં આત્મપદને પામ્યો. ગુરુદેવ તેને નિરખે છે. તેને ઊભો કરે છે અને ભેટી પડે છે. ''હવે તું - તું નથી. તું અને હું એક બન્યા છીએ.'' આવી રીતે બાહ્ય વિષયોથી મુક્ત થતાં અંતરદશા સધાય છે. **(ક્રમશઃ)**

• • •

श्री पूज्यपाद आचार्य विरचित

# समाधितंत्र - अमृतरसपान

(क्रमांक - ५०)

**प्रा. चंदाबहेन वी. पंचाली (बोटाद)**

દ્રવ્યાનુયોગના ધારક, કરણાનુયોગના કારક,ચરણાનુયોગના ચાલક તથા ધર્મકથાનુયોગના પારગ એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રદેવની આત્મ સરસ્વતી પત્રાંક ૭૬૪માં ઉદ્‌ઘોષિત થાય છે કે "હે જીવ ! આટલો બધો પ્રમાદ શો ? શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે.

**સર્વજ્ઞદેવ**
**નિર્ગ્રંથગુરુ**
**દયા મુખ્યધર્મ**
} શુદ્ધ આત્મદૃષ્ટિ થવાના અવલંબન છે.

સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધ આત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને, તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો. યથાજાત લિંગ સર્વ વિરતિધર્મ. દ્વાદશવિધ દેશવિરતિધર્મ. દ્રવ્યાનુયોગ સુસિદ્ધ-સ્વરૂપ દૃષ્ટિ થતાં, કરણાનુયોગ સુસિદ્ધ સુપ્રતીત દૃષ્ટિ થતાં, ચરણાનુયોગ સુસિદ્ધ-પદ્ધતિ વિવાદ શાંત કરતાં, ધર્મકથાનુયોગ સુસિદ્ધ બાળબોધ હેતુ સમજાવતાં." આ વચનામૃતમાં ઘણી સૂક્ષ્મતા વ્યક્ત થાય છે. ધર્મનો મર્મ જ્ઞાનીના હૃદયમાં છે કારણ કે જ્ઞાની નિજસ્વરૂપમાં મહાલતા હોય છે. તેમની વાણી સ્વરૂપને પ્રકાશિત કરે છે.

આપણે 'સમાધિતંત્ર' ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. આપણે શ્લોક એકત્રીસમાં શ્રી પૂજ્યપાદ આચાર્યદેવે શિષ્યનાં મનસ્‌ભાવે પ્રશ્ન પૂછ્યો છે કે હે આચાર્યદેવ, કોની આરાધના કરવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય ? શ્રી પૂજ્યપાદ આચાર્યદેવ વસ્તુસ્થિતિ દર્શાવે છે કે જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું મારા વડે ઉપાસવા યોગ્ય છું. હું પોતે ઉપાસક અને ઉપાસ્ય છું. આ જ વિષયને દૃઢ કરતાં શ્લોક ૩૨ દર્શાવે છે.

**प्रच्याव्य विषयेभ्योऽहं मां मय्येव मयि स्थितम् ।**
**बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृत्तम् ॥ ३२ ॥**

**અન્વય :**

मां विषयोभ्यो प्रच्याव्य मया एव अहं मयि स्थितं परमानंद निर्वृत्तं बोधात्मानं प्रयन्नः अस्मि ।

**શબ્દાર્થ :** मां - મને, મારા આત્માને विषयेभ्यः - પંચ ઈન્દ્રિયના વિષયોથી, प्रच्याव्य - હઠાવીને, मया एव - મારા વડે, - પોતાના આત્મા વડે, अहं - હું, मयि स्थितं - મારામાં સ્થિત, परमानन्द निर्वृत्तं - પરમાનંદથી રચાયેલા, बोधात्मानं - જ્ઞાન સ્વરૂપ આત્માને, प्रपन्नः अस्मि - પ્રાપ્ત થયો છું.

**ભાષાંતર :** મારા આત્માને પંચ ઈન્દ્રિયોના વિષયોથી હઠાવીને મારા આત્મા વડે મારામાં સ્થિત પરમાનંદથી રચાયેલા જ્ઞાન સ્વરૂપ આત્માને પ્રાપ્ત થયો છું.

**ભાવાર્થ :** મુમુક્ષુને આત્મા શું છે તેવી આત્મસ્વરૂપની રુચિ જાગી છે. ભવભ્રમણનો થાક લાગ્યો છે. જેમ કોઈ બાળક તેની માતાથી છૂટું પડી ગયું હોય અને તેને પૂછીએ કે તારી બાનું નામ શું ? તારું નામ શું ? 'મારી બા'. તું ક્યાં રહે છે ? 'મારી બા', તારા ભાઈબંધનું નામ શું ? 'મારી બા' - માત્ર મારી બા, મારી બા કરે છે. બાળક મૂળ વસ્તુથી છૂટી ગયું છે. જેને આત્મસ્વરૂપ પામવાની તાલાવેલી લાગી છે તે શું કરે ? તે સ્વરૂપ કેમ

સમજાય ? એવા જીવને શ્રી પૂજ્યપાદ આચાર્ય ફરમાવે છે કે બાહ્ય ઇન્દ્રિયોના વિષયોથી મુક્ત થા.

જ્યાં સુધી બહારના વિષયોમાં રસ-રુચિ-વલણ-વઢણ-ઉપયોગ-ખેંચાણ રહે છે ત્યાં સુધી સ્વ-વિષયમાં પ્રવેશ થતો નથી. પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થયા પછી સદ્‌ગુરુબોધનો આશય ગ્રહણ થાય છે. એ ભૂમિકામાં આવ્યા પછી શ્રી આચાર્યદેવ કહે છે કે આત્મપ્રાપ્તિ આત્માશ્રયે થાય છે. નિજાશ્રયે નિજસ્વરૂપની ઉપલબ્ધિ છે એટલી સૂક્ષ્મતા આ શ્લોકમાં દર્શાવી છે.

પરમકૃપાળુદેવ હાથનોંધ ૧ - આંક ૧માં સ્વાનુભવગિરાનું ગાન કરતાં લખે છે, "પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે. શુદ્ધ એવા સ્ફટિકને વિષે અન્ય રંગનું પ્રતિભાસવું થવાથી તેનું જેમ મૂળ સ્વરૂપ લક્ષગત થતું નથી, તેમ શુદ્ધ નિર્મળ એવું આ ચેતન અન્ય સંયોગના તાદાત્મ્યવત્ અધ્યાસે પોતાના સ્વરૂપનો લક્ષ પામતું નથી. યત્કિંચિત પર્યાયાંતરથી એ જ પ્રકારે જૈન, વેદાન્ત, સાંખ્ય, યોગાદિ કહે છે."

પૂ. ब्रह्मचारी शीतलप्रसादजी लिखते है "आत्मरस विषयरस से विलक्षण है । जब विषयरस का स्वाद जाता है तब आत्मरस का वेदन पैदा होता है । जिस अनादि से लेनेवाले स्वाद से सुख-शांति नहीं हुई, उस स्वाद से मुख मोडने पर और स्व स्वरूप के सन्मुख होने ही से निजानंद का अनुभव होता है, यही अनुभव परमात्म स्वरूप विकास का बीज है ।"

જ્યાં સુધી જીવને ઇન્દ્રિયોના વિષયોમાં રસ છે ત્યાં સુધી આત્મભાવના પ્રગટ થતી નથી. મનની અસ્થિરતા - ચંચળતા સ્થિર એવા આત્મસ્વરૂપમાં કેમ સ્થિતિ પામવા દે ? માટે ચિત્તવૃત્તિનો નિરોધ કરી, મનને સ્થિર કરી, એકાગ્રતા આત્મતત્ત્વમાં થાય છે ત્યારે નિજાશ્રયમાં લીનતા થાય છે. જેમ વાંદરો એક તો ચંચળ પ્રકૃતિનો છે તેમાં તેણે દારૂ પીધો જેથી વધુ ચંચળ બન્યો - તેમાં તેને વીંછી કરડ્યો પછી શું સ્થિતિ થાય ? તેવી રીતે ઇન્દ્રિયોની ચંચળતા - તેના પ્રત્યે ખેંચાણ હોય ત્યાં સુધી આત્મપ્રાપ્તિનું વલણ આવી શકતું નથી. માટે ઇન્દ્રિયોના વિષયોથી હટીને આત્મસ્વરૂપે લીનતા થતાં આત્મસ્વરૂપનો અનુભવ થાય છે.

પરમકૃપાળુદેવની શાંત સરસ્વતી કહે છે, "હે જીવ ! તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે : બહાર શોધવાથી મળશે નહીં. અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર. આશ્ચર્ય ભૂલ." જ્યાં સુધી બાહ્ય પદાર્થોમાં ચિત્ત ભમ્યા કરે છે ત્યાં સુધી અંતરંગ ભાવમાં આવી શકાતું નથી. આ ભૂમિકામાં આવવા માટે સદ્‌ગુરુબોધનો આશય અંતરમાં સ્થિર કરવો પરમ આવશ્યક છે. માત્ર સાંભળવાથી તો આશય સમજાય જાય પણ આશય પ્રમાણેનું પરિણમન જો થાય તો કાર્યસિદ્ધિ થાય છે.

**વિશેષાર્થ :** 'સમાધિતંત્ર' ગ્રંથમાં તત્ત્વના સાગરને ગાગરમાં ભર્યો છે. મનની અપૂર્વ સ્થિરતાથી ગ્રંથનું અધ્યયન થાય - તેની વિચારણા થાય, ચિંતવન થાય પછી તે જ ભાવને ગૌણ કરીને આત્માશ્રયે પુરુષાર્થ થતાં સ્વરૂપ અનુભવાય છે. માં વિષયેભ્યો પ્રચ્યાવ્ય - મારા આત્માને પંચેન્દ્રિયના વિષયોથી હટાવીને. પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફ મન ખેંચાય છે તે જીવ બાહ્ય પદાર્થોમાં પોતાના ચિત્તને રોકી દે છે. ચક્ષુ બાહ્ય વિષયોને - તેના દૃશ્યને જોવામાં રોકાઈ જાય છે. રસેન્દ્રિય બાહ્ય વસ્તુના રસાસ્વાદમાં રોકાઈ જાય છે. ઘ્રાણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, કર્ણેન્દ્રિય બહારમાં રખડ્યા કરે છે. તે વિષયોમાંથી પાછી હટાવીને - ચિત્તવૃત્તિને તેમાંથી હટાવીને સ્વસ્વરૂપ તરફ લક્ષ્ય કરે તો આત્મ

**(અનુસંધાન પાના નં. ૧૧ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૪)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૧૪)**

**आतम के अहित विषय कषाय,**
**इन में मेरी परिणति न जाय ।**
**मैं रहूँ आप में आप लीन**
**सो करो होऊं ज्यों निजाधीन ॥**

**શબ્દાર્થ :** પાંચેય ઈન્દ્રિયના વિષયોમાં મોહાસક્તિ-લીનતા અને કામક્રોધાદિ કષાયો આત્માનું અહિત કરનારા છે. હે પ્રભુ ! મારી અંતરંગ ઈચ્છા છે કે હું તેમની તરફ ન આકર્ષાઉં. હું મારા સ્વરૂપમાં જ લીન થઈ જાઉં, જેથી હું સંપૂર્ણ સ્વાધીન બની જાઉં.

**વિશેષાર્થ :**

"લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે." જગતના જીવોને પંચેન્દ્રિયના વિષયો પ્રત્યે સમયે સમયે આકર્ષણ થાય છે. તે વિષયો આસક્તિપૂર્વક ભોગવી ક્ષણિક તૃપ્તિ - સુખ અનુભવે છે. પણ પછી બીજી વિશેષ ભોગવવાની ઈચ્છા થતાં આકુળ-વ્યાકુળ થઈ દુઃખ જ અનુભવે છે. પરમકૃપાળુદેવ કહે છે,

"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે
લેશ એ લક્ષે લહો;
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે
કાં અહો રાચી રહો ?"

સાધક-મુમુક્ષુ-જિજ્ઞાસુને સંસારના પદાર્થો રુચિકર થતાં નથી કારણ કે પદાર્થનું સ્વરૂપ તેમણે જાણ્યું છે. તેમને વિષયો દુઃખકારક વિષ જેવા લાગે છે.

- "એનું સ્વપ્ને જો દર્શન પામે રે,
  તેનું મન ન ચઢે બીજે ભામે રે.
  થાય સદ્‌ગુરુનો લેશ પ્રસંગ રે,
  તેને ન ગમે સંસારીનો સંગ રે."

**— મુક્તાનંદજી મહારાજ**

- વિષયોં કી આશા નહિ જિન કે,
  સામ્યભાવ ધન રખતેં હૈ,
  નિજપર કે હિત સાધન મેં જો,
  નિશદિન તત્પર રહતે હૈ;
  સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા,
  બિના ખેદ જો કરતે હૈં,
  ઐસેં જ્ઞાની સાધુ જગતકે
  દુઃખ સમૂહ કો હરતે હૈ.

**— મેરી ભાવના (જુગલકિશોરજી મુખ્તાર)**

સાધક જીવ ભગવાનને વિનંતી કરે છે,
"વિષય વિકાર મિટાવો, પાપ હરો એવા(૨)
શ્રદ્ધાભક્તિ બઢાવો, સંતન કી સેવા"

**— શ્રી જય જગદીશ - આરતી**

હે પ્રભુ ! મારું તન અને મન નબળાં છે. હું શ્રાવકના વ્રત - સંયમ ગ્રહણ કરી શકતો નથી. પણ મારો વૈરાગ્ય એવો પ્રબળ થાય કે જેથી મારી વૃત્તિ વિષયકષાયોમાં ન જાય - એમ નાસ્તિથી પોતાના દોષોની ગર્હા કરે છે.

હવે આગળ અસ્તિથી કહે છે કે મને તમારી કૃપાથી નિજાત્માનું દર્શન થઈ ગયું છે. તેથી

અતીન્દ્રિય આનંદનું વેદન થયું છે. તો હે પ્રભુ ! હું એમાં જ લીન રહું અને પરદ્રવ્યોમાં મોહભાવ ન કરું એવી શક્તિ આપો.

"આઉં ઉતરું રમલું નિજ મેં,
નિજ કી નિજમેં દુવિધા હી ક્યા,
નિજ અનુભવ રસ સે સહજ તૃપ્ત,
મૈ સહજાનંદ સ્વરૂપી હું.

**- ક્ષુલ્લકશ્રી સહજાનંદજી વર્ણીજી**

પરમાત્માના સાચા દર્શન થવા એટલે સ્વસ્વરૂપનું સંવેદન થવું - નિર્વિકલ્પ સ્થિરતાનો અનુભવ થવો. ત્યાર પછી સાધકનું મન બીજે ક્યાંય ઠરતું નથી.

- બહિરાતમ મૂઢા જગ જેતા, માયા કે સંગ રહેતા;
  ઘટ અંતર પરમાતમ ભાવે, દુર્લભ પ્રાણી તેતા
  અવધૂ રામરામ જગ ગાવે, વિરલા અલખ જગાવે.

**— યોગીરાજ આનંદઘનજી**

- પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
  દેખે પરમ નિધાન જિનેશ્વર;
  હૃદયનયણ નિહાળે જગધણી,
  મહિમા મેરુ સમાન જિનેશ્વર.

**— યોગીરાજ શ્રી આનંદઘનજી**

સ્વસંવેદનરૂપ આત્મદર્શન થયા પછી સાધક જીવના જ્ઞાન અને વૈરાગ્ય વધતાં જાય છે.

- જહાં રામ તહાં કામ નહિ,
  કામ તહાં નહિ રામ;
  દોઉં સાથ મિલત નહીં,
  દિન રજની એક સાથ.
- જ્ઞાની મગન વિષય સુખ માંહી,
  યે હી વિપરીત સંભવે નાહી.

**— શ્રી સમયસાર નાટક**

- સમ્યગ્દ્રષ્ટે ભવતિ નિયતં
  જ્ઞાન વૈરાગ્ય શક્તિઃ,

**— શ્રી સમયસાર કળશ**

- વિષયારસ વિષ સરીખો લાગે
  ચૈન પડે નહીં સંસારે;
  જીવન મરણ પણ સરખું લાગે,
  આતમપદ ચિન્હે ત્યારે,
  અલખ નિરંજન આતમજ્યોતિ...

**— પૂજ્ય બુદ્ધિસાગરજી મહારાજ**

## ઉપસંહાર

જાગૃત મુમુક્ષુ - સાધક ભગવાનને શરણે જઈને આજીજીપૂર્વક વિનંતી કરે છે કે હે પ્રભુ ! હવે એવું કરો કે જેથી હું નિરંતર તમારા જ વિચારો કરું. તમારું જ સ્મરણ કરું. તમારું જ ધ્યાન કરું અને તેમ કરતાં કરતાં વૃત્તિ અંતર્મુખ થઈ જાય અને હું મારા સ્વરૂપમાં જ સ્થિર થઈ જાઉં. મને એવો જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ - નિર્વેદભાવ પ્રગટે અને સંસારના માયાપ્રપંચમાં મારી વૃત્તિ જ ન જાય. કારણ કે બધા વિભાવભાવો મારા આત્માનું અહિત કરનારા છે.

આપણે પણ આવા જાગૃત મુમુક્ષુ બનીએ એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

- **અશક્તિ એ તનની બીમારી છે, જ્યારે આસક્તિ એ મનની બીમારી છે.**
- **એકબીજાને કહેતા નહીં, પણ એકબીજાને સહેતા શીખો.**
- **કોઈને ગણો નહીં તો ચાલે, પણ અવગણશો તો નહીં જ ચાલે.**
- **નિમિત્ત નાનું અને નુકસાન મોટું - એનું નામ ક્રોધ.**
- **જે બાળકને આપે શાતા, એનું નામ માતા.**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## પાંચમા તીર્થંકર

## શ્રી સુમતિનાથ જિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ગણિશ્રી દેવચંદ્રજીની પ્રભુભક્તિ દરેક સ્તવનમાં નવું નવું રૂપ ધારણ કરે છે. પ્રયોજન તો એક જ છે કે પ્રભુરૂપી શુદ્ધ નિમિત્તનું અવલંબન લઈ પોતાની આત્મદશાને ઊર્ધ્વગામી બનાવવી. પ્રભુના અનંત ઉપકારનું વેદન કરતાં લગભગ દરેક સ્તવનમાં પ્રભુને પોતાના મોક્ષમાર્ગના પુષ્ટ નિમિત્ત તરીકે બતાવે છે. જેમ કે આ સ્તવનમાં જ અંતે કહેશે : *"માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો."* તો મહાવિદેહના વિહરમાન ભગવાન શ્રી ઋષભાનન જિન સ્તવનમાં કહે છે : *"પુષ્ટ હેતુ મુજ સિદ્ધિના, જાણી કીધ પ્રમાણ."*

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અંતિમ સંદેશ'માં ફરમાવ્યું છે કે :

*"આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;*
*જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર."*

આમ, અગમ્ય એવું આત્મસ્વરૂપ જિનેશ્વરના સ્વરૂપને સમજવાથી ગમ્ય બને છે. જિનસ્વરૂપ કેવું છે તેનો આ સ્તવન દ્વારા વધુ પરિચય થશે. આ સ્તવનની વિશિષ્ટતા એ છે કે પ્રભુના આશ્ચર્યકારક સ્યાદ્વાદયુક્ત સ્વરૂપને સૈદ્ધાંતિક રીતે રજૂ કર્યું છે. અને સિદ્ધાંતથી તો "સર્વ જીવ છે સિદ્ધ સમ" એ ન્યાયે ખરેખર તો તે જિનસ્વરૂપના દર્શનથી આપણા જ આત્મસ્વરૂપનું જ્ઞાન અને ભાન કરાવી પ્રભુ સાથે નિકટતા કરાવે છે. કઈ રીતે તે જોઈએ :

**અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી,**
**સ્વગુણ પર્યાય પરિણામ રામી;**
**નિત્યતા એકતા અસ્તિતા ઈતરયુત,**
**ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અહો૦ ૧**

**શબ્દાર્થ :** અહો ! શ્રી સુમતિનાથ જિનેશ્વર ! તારી શુદ્ધતા તારા દરેક ગુણની પર્યાયમાં પરિણમી રહી છે. નિત્યપણું, એકતા, અસ્તિત્વપણું આદિ ગુણો તેનાથી પરસ્પર વિરુદ્ધ ગુણોથી સહિત છે અને વળી તું ભોગ્ય વસ્તુને ભોગવવા છતાં કામના રહિત છો. (અસ્તિતા = અસ્તિત્વ; ઈતરયુત = પ્રતિપક્ષી યુક્ત)

**વિશેષાર્થ :** 'અહો'ના ઉદ્‌ગારથી શ્રી દેવચંદ્રજી શ્રી સુમતિનાથ પ્રભુનું અદ્‌ભુત સ્વરૂપ અત્યંત વિસ્મય ઉપજાવે છે એમ દર્શાવી પોતે એક અલૌકિક ભાવદશામાં પ્રવેશી રહ્યાં છે. અત્યાર સુધી તો શરૂઆતના સ્તવનોમાં પ્રભુના જે ખૂબ ગુણગાન કર્યા તેમાં પ્રભુનું નિર્મળ અસંગપણું, પરમાત્મપણું, 'સમતારસના ભૂપ', વીતરાગતા આદિ ગુણોનો ઉલ્લેખ થતો હતો. પણ આ સ્તવનમાં પ્રભુના એવા ગુણોનું દર્શન કરાવે છે કે જે અત્યંત વિસ્મય પમાડે, સાનંદાશ્ચર્ય ઉપજાવે તેવા છે. તેથી તેઓ બોલી ઊઠે છે : "અહો ! શ્રી સુમતિ જિન !" આ અહોભાવ શા માટે તે હવે જોઈએ. સૌ પ્રથમ તો આશ્ચર્ય એ છે કે હે સુમતિનાથ ! તારામાં સર્વ કર્મમલિનતા સંપૂર્ણ નષ્ટ થતાં જે શુદ્ધતા પ્રગટી છે તે શુદ્ધતા તારા અનંત ગુણોમાં રમી રહી છે. તેમજ તે ગુણોની સમય સમયની પર્યાયોમાં પરિણમી રહી છે. વળી, તે શુદ્ધતા અનંતકાળ સુધી એવી જ પરિપૂર્ણ રહેવાની છે. પ્રભુ, અમે તો સત્સંગ, સ્વાધ્યાય, ભક્તિમાં રહીએ ત્યાં સુધી જ ભાવ સારા રહે અને જેવા સંસારમાં ગયા કે ભાવો અધોગામી ! તેની સરખામણી કરતાં તારી કાયમ ટકી રહેતી શુદ્ધતા આશ્ચર્ય પમાડે છે. બીજું આશ્ચર્ય એ છે કે પ્રભુ, તારામાં નિત્યતા, એકતા, અસ્તિત્વતા આદિ ગુણો

એવા છે કે જેની સામે 'ઇતરયુત' અર્થાત્ તેનાથી પ્રતિપક્ષી ધર્મો પણ તારામાં હોવા છતાં તે એકબીજા સાથે શોભે છે; જેમ કે, નિત્યતા-અનિત્યતા, એકતા-અનેકતા, અસ્તિપણું-નાસ્તિપણું. આવા પરસ્પર વિરુદ્ધ ધર્મોયુક્ત (ઇતરયુત) તારું સ્વરૂપ આશ્ચર્યકારક છે, કારણ કે તેનાથી તારામાં કોઈ અસામંજસ્ય દેખાતું નથી, બલ્કિ વિરુદ્ધ ધર્મો અવિરોધપણે તારામાં શોભી રહ્યાં છે. વળી, આપ ભોગ્ય એવા જ્ઞાનાદિ અનંત ગુણોની પર્યાયોના ભોક્તા હોવા છતાં અકામી, કામના રહિત છો. તે પણ અમારી સરખામણી કરતાં આશ્ચર્યકારક લાગે છે કારણ કે અમારે તો જેમ જેમ ભોગ વધે તેમ તેમ કામનાઓ, ઇચ્છાઓ પણ વધે છે. પરસ્પર વિરુદ્ધ પણ અવિરોધપણે સાથે રહેતા આવા ગુણો એ જ તો ખરેખર આત્માનું અનેકાંત સ્વરૂપ છે, જેને હવે આગળની ગાથામાં શ્રી દેવચંદ્રજી સૈદ્ધાંતિક રીતે વધુ સ્પષ્ટ કરે છે :

**ઊપજે વ્યય લહે, તહવિ તેહવો રહે,**

**ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી,**

**આત્મભાવે રહે, અપરતા નવિ ગ્રહે,**

**લોકપ્રદેશમિત પણ અખંડી. અહો૦ ૨**

**શબ્દાર્થ :** હે સુમતિનાથ ! આપના આત્મદ્રવ્યમાં ઉપજવું અને વ્યય થવું (પર્યાયમાં) બને છે, છતાં આત્મા તો તેવો જ રહે છે. ગુણોની બહુલતા અર્થાત્ આપનામાં અનંત ગુણો હોવા છતાં તે સૌ એક અખંડ પિંડરૂપ, ઘનરૂપ આત્મદ્રવ્યમાં રહેલાં છે. આપ સદા આત્મભાવમાં જ રહો છો અને પરભાવને ગ્રહણ કરતા નથી. આપના આત્મપ્રદેશો લોકપ્રમાણ અસંખ્ય હોવા છતાં તે પ્રદેશો ખંડિત થતા નથી અને આત્મા અખંડપણે રહે છે. (વ્યય = નાશ; તહવિ = તેમ છતાં, તથાપિ; બહુલતા = ઘણા બધા; પિંડી = ઘનરૂપ; લોકપ્રદેશમિત = લોકપ્રમાણ પ્રદેશી)

**વિશેષાર્થ :** અહો શ્રી સુમતિ જિન ! આપનો શુદ્ધાત્મા ''ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્'' સ્વરૂપ છે. અહો ! આ ત્રિપદી જ કેટલી રહસ્યમય અને આશ્ચર્યકારક છે કે જે તીર્થંકર પાસેથી સાંભળતાવેંત ગણધર ભગવંતો સમસ્ત દ્વાદશાંગીની રચના કરે છે ! એટલે હે પ્રભુ ! આપનું આ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સ્વરૂપ સકળ જિન સિદ્ધાંતનો સાર છે. **''ઊપજે-વ્યય લહે''** - આપના શુદ્ધ આત્મ દ્રવ્યમાંથી દરેક સમયે જ્ઞાન, આનંદ, વીર્ય આદિ ગુણોની નવીન શુદ્ધ પર્યાય (અવસ્થા) ઊપજે છે અને જૂની પર્યાયનો વ્યય થાય છે. તેમ છતાં આત્મા તો **''તહવિ તેહવો રહે''** - તેવો ને તેવો, શુદ્ધ, સનાતન, શાશ્વત, નિત્ય રહે છે. આમ, દ્રવ્યની નિત્યતા અને પર્યાયની અનિત્યતા એક જ સિક્કાની બે બાજુ જેવું છે અને તેનાથી જ 'સત્' એવું આત્મસ્વરૂપ શોભે છે. આત્મા પરિણામી નિત્ય છે. જો આત્મા માત્ર કૂટસ્થ નિત્ય હોત તો પર્યાયના ઉત્પાદ્ - વ્યયના અભાવમાં પ્રભુ કઈ રીતે સમયે સમયે નવીન જ્ઞાનાનંદનો ભોગવટો કરત ? અને તો પછી મોક્ષનું કંઈ પ્રયોજન પણ ન રહેત અને જો આત્મા માત્ર ઉત્પાદ્ - વ્યયરૂપે અનિત્ય હોત તો તેના ધ્રુવત્વના અભાવમાં પર્યાયના વ્યય સાથે આત્મા પણ નાશ પામે. પણ એવું તો બનતું નથી. બાળપણ, યુવાની, વૃદ્ધાવસ્થા આદિ પર્યાયો બદલાવા છતાં તે ત્રણે અવસ્થાનું જ્ઞાન કરનાર આત્મા તો તે દરેક અવસ્થામાં નિત્યપણે હાજર છે એવો આપણો પ્રત્યક્ષ અનુભવ છે. આમ, દ્રવ્ય-પર્યાયની નિત્યતા-અનિત્યતા પરસ્પર વિરોધી ધર્મ હોવા છતાં એક સાથે એક દ્રવ્યમાં હોય એવું વસ્તુનનું સ્વરૂપ છે. (જો કે ઉત્પાદ-વ્યય-ધ્રુવતા તે દરેક જડ-ચેતન દ્રવ્યનો સ્વભાવ છે પણ જિનેશ્વરમાં તેની શી વિશેષતા છે તે શ્રી દેવચંદ્રજી ગાથા - ૫માં સમજાવવાના છે) ગાથા - ૧માં કહેલ નિત્યતા-અનિત્યતાની વાત આમ શ્રી દેવચંદ્રજીએ સ્પષ્ટ કરી.

હવે એકતા-અનેકતા અને અસ્તિતા-

નાસ્તિતારૂપ પરસ્પર વિરોધી પણ સાપેક્ષ ધર્મોનો પણ ખુલાસો કરે છે. કહે છે : **"ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી."** આત્માના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ પ્રમુખ ગુણો તેમજ બાહુલ્યતા ધરાવતા અનંત ગુણોની અનેકતા આત્મામાં હોવા છતાં તે સર્વ ગુણો આત્માના દરેકે દરેક પ્રદેશમાં વ્યાપ્ત રહે છે. આત્મા તો અનંત ગુણોના સમૂહરૂપ અખંડ પિંડ છે. આમ, ગુણો અનેક પણ આત્મા એક અખંડ પિંડરૂપ, ઘનરૂપ અનંત ગુણોનો એક અધિષ્ઠાતા. આમ, એકતા-અનેકતા પ્રભુમાં અવિરોધપણે સાથે છે એ પણ મોટું આશ્ચર્ય છે. વળી **"આત્મભાવે રહે, અપરતા નવિ ગ્રહે"** – આ છે પ્રભુનો અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મ. આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરીજી આ વિશે કહે છે : *"હે પ્રભુ, આપ સદા આત્મભાવમાં જ રહો છો એ અસ્તિધર્મ છે અને પરભાવને કદી ગ્રહણ કરતા નથી એ નાસ્તિધર્મ છે. અર્થાત્ આપમાં સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અસ્તિતા છે અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિતા પણ રહેલી છે."* હે પ્રભુ, આપ સદાય શુદ્ધ આત્મસ્વભાવમાં રમણતા કરતાં હોવાથી પરદ્રવ્ય એવા કર્મો અને ક્રોધાદિ પરભાવો હવે કદાપિ આપના શુદ્ધાત્મામાં પ્રવેશી ન શકે. વળી હે પ્રભુ, આપ **"લોક પ્રદેશમિત પણ અખંડી"** છો. અર્થાત્ આપના આત્મપ્રદેશો લોકાકાશ પ્રમાણ અસંખ્યાત હોવા છતાં તે પ્રદેશો કેવળી સમુદ્‌ઘાત વખતે આખા લોકમાં ફેલાય કે પછી આપ સિદ્ધપણે વિરાજમાન હો ત્યારે પણ કદાપિ છૂટા પડી જઈ ખંડિત થતા નથી અને આપનું આત્મદ્રવ્ય અખંડિત જ રહે છે. આ પણ અદ્‌ભુત આશ્ચર્ય છે. (ખરેખર સર્વ જીવોના આત્મપ્રદેશો લોકાકાશ જેટલા અસંખ્ય છે પણ આત્માના સંકોચ-વિસ્તાર સ્વભાવથી તેને કીડીનો ભવ હોય કે હાથીનો - તે આત્મપ્રદેશોમાં કોઈ વધઘટ થતી નથી - દરેક ભવમાં તે લોકાકાશ પ્રમાણ જ રહે છે.) પ્રભુ પ્રત્યે અહોભાવ કરાવે તેવા પ્રભુના સ્વરૂપની વાત હવે આગળ કરતાં શ્રી દેવચંદ્રજી કહે છે :

**કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ,**
**કાર્યભેદે કરે પણ અભેદી;**
**કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,**
**સકલ વેત્તા થકો પણ અવેદી. અહો૰ ૩**

**શબ્દાર્થ :** આત્માના ગુણો કારણ બની પોતપોતાના કાર્યરૂપે પરિણમે અને એમ છતાં આત્મદ્રવ્ય તો ધ્રુવ જ રહે છે. બધા ગુણોના કાર્યમાં ભેદ છે છતાં બધા અભેદપણે આત્મામાં રહે છે. પ્રભુ નિજ સ્વભાવના કર્તારૂપે પરિણમે છે, છતાં કોઈ નવીનતા પામતા નથી; સકલ પદાર્થોના જ્ઞાતા હોવા છતાં તેનું કંઈ વેદન ન કરતાં અવેદી, અભોક્તા જ રહે છે. (અભેદી = અખંડ; નવ્યતા = નવીનતા; વેત્તા = જ્ઞાતા; અવેદી = અભોગી, અભોક્તા)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી શ્રી સુમતિનાથ પ્રભુની વિસ્મયકારક દશાનું વર્ણન કરતાં આગળ કહે છે કે પ્રભુના જ્ઞાન, દર્શન આદિ ગુણો કારણરૂપ બની પોતપોતાનું વિશિષ્ટ કાર્ય કરે છે. અર્થાત્ દરેક સમયની પર્યાયમાં દરેક ગુણનું કાર્ય ઉત્પાદ અને વ્યયરૂપે અવિરતપણે ચાલુ છે. જેમ કે જ્ઞાનગુણ કારણ અને તેનું કાર્ય છે જાણવું. જ્ઞાન ગુણનું આ જાણવારૂપ કાર્ય દરેક સમયની પર્યાયમાં થઈ રહ્યું છે, તેમ છતાં આત્મદ્રવ્ય તો ધ્રુવપણે જ રહે છે, જેની નથી ઉત્પત્તિ કે નથી વ્યય. તેથી કહે છે : **"કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ."** વળી આશ્ચર્યકારક વાત એ છે કે **"કાર્યભેદે કરે પણ અભેદી"** દરેક ગુણના કાર્યમાં ભેદ પડે છે; જેમ કે, જ્ઞાનગુણ જાણવાનું કામ કરે તો દર્શન ગુણ સામાન્ય અવલોકનનું, ચારિત્રગુણ સ્થિરતાનું તો સુખ ગુણ અતીન્દ્રિય આનંદ આપવાનું. આમ, ગુણોમાં કાર્યભેદ હોવા છતાં, અનંત ગુણો અખંડ એવા આત્મામાં અભેદપણે રહે છે. ગુણ અને ગુણી કદાપિ છૂટા ન પડે, અભેદ રહે એવો વસ્તુ સ્વભાવ

છે. તેથી કાર્યભેદ છતાં અભેદી ! વળી હે પ્રભુ ! આપ મોક્ષમાં જઈ કંઈ કૂટસ્થ નથી બની ગયા. પણ પોતાના સ્વભાવગત જ્ઞાન, આનંદ આદિ ગુણોના પરિણમનના કર્તા છો. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'છ પદના પત્ર'માં બતાવ્યું છે તેમ આપ *"પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજસ્વરૂપના કર્તા"* છો. જ્ઞાન, આનંદ આદિ ગુણોની દરેક સમયે નવી નવી શુદ્ધ પર્યાય ઊપજવી અને જૂનીનું વ્યય થવું - આ કાર્ય પ્રભુમાં વિના પ્રયાસે અવિરતપણે ચાલુ છે. આમ, અનંત ગુણોના શુદ્ધ પરિણમનરૂપ કાર્યના પ્રભુ કર્તા હોવાથી તેમને **'કર્તૃતા'**, કર્તૃત્વ છે એમ કહ્યું, પણ આશ્ચર્ય એ છે કે પર્યાય નવી નવી ઉપજવા છતાં પ્રભુનું આત્મદ્રવ્ય કંઈ નવ્યતા, નવીનતા પામતું નથી. અર્થાત્ હે પ્રભુ, આપ જેવા છો તેવા 'શુદ્ધ ચેતનારૂપ', પરમાત્મપણે સાદિ અનંત કાળ સુધી રહેશો. આમ, પર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ કર્તૃત્વની નવીનતા પણ નિત્ય, ધ્રુવ એવા આત્મદ્રવ્યમાં કોઈ 'નવ્યતા' નહીં ! આ જ તો પ્રભુના 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્'ની ખૂબી છે ! વળી, બીજું મોટું આશ્ચર્ય પ્રભુના સ્વરૂપનું એ છે કે પ્રભુ **'સકલ વેત્તા'**, અર્થાત્ સર્વજ્ઞ છે. લોકાલોકને પ્રત્યક્ષ જાણે-દેખે છે, છતાં તેમાં બનતા બનાવોથી **'અવેદી'**, અપ્રભાવિત જ રહે છે. દૃષ્ટાંતરૂપે, કોઈ ભવ્ય જીવ પ્રભુના ગુણગાન કરે તો કોઈ દૂરભવી જીવ પ્રભુની આસાતના કરે - વગેરે સર્વ બનાવોના પ્રભુ વેત્તા, જ્ઞાતા હોવા છતાં તેમાં કંઈ હર્ષ-શોકરૂપ વેદન ન કરતાં, અવેદીપણે માત્ર જ્ઞાતા-દૃષ્ટા જ રહે છે, કારણ કે પ્રભુ ખરેખર તો પોતાના સ્વરૂપમાં જ લીન રહે છે ! આમ, પ્રભુ વીતરાગતાના ફળસ્વરૂપે સકલ વેત્તા છતાં અવેદી રહી નિજાનંદમાં મસ્ત રહે છે. પ્રભુનું વધુ માહાત્મ્ય દર્શાવતાં શ્રી દેવચંદ્રજી આગળ કહે છે :

**શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા,**
**સહજ નિજભાવભોગી અયોગી;**
**સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી,**
**શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. અહો૦ ૪**

**શબ્દાર્થ :** પ્રભુમાં શુદ્ધતા છે, બુદ્ધતા છે. પ્રભુ દેવ છે, પરમાત્મા છે. પ્રભુ અયોગી હોવા છતાં નિજભાવોના ભોગી છે. સ્વ-પર જાણવારૂપ ઉપયોગ હોવા છતાં સ્વસત્તામાં તાદાત્મ્યપણે રમણ કરનારા રસિયા છે. પ્રભુની સર્વ શક્તિ વિના પ્રયોગે, વિના પ્રયાસે કાર્યરત છે. (પ્રયુંજતો = પ્રવૃત્ત છે, કાર્યરત છે.)

**વિશેષાર્થ :** દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપી અશુદ્ધતાથી સંપૂર્ણપણે રહિત હોવાથી પ્રભુ પૂર્ણ **શુદ્ધતા**ને પ્રાપ્ત છે. કેવળજ્ઞાન વડે પ્રભુ **બુદ્ધતા**ને પામ્યા છે. પોતાના સ્વરૂપમાં જ રમણ કરનાર એવા પ્રભુ વીતરાગી **સત્‌દેવ** છે અને રાગ-દ્વેષ-અજ્ઞાનથી રહિત એવા **પરમાત્મા** છે. પ્રભુ કઈ રીતે પરમ-આત્મા છે તે આપણે શ્રી અભિનંદન સ્તવનમાં જોયું હતું. વળી, પ્રભુ ભોગી છતાં અયોગી એ પણ આશ્ચર્યજનક છે. પ્રભુ નિજભાવના ભોગી છે. અર્થાત્ અનંત ગુણો અને તેની અનંત પર્યાયોરૂપ નિજભાવનો પ્રભુ સહજપણે ભોગવટો કરે છે. પણ તે ભોગવવામાં પ્રભુને આપણી જેમ કોઈ મન, વચન, કાયાના યોગની જરૂર નથી એવા અયોગી છે. ગાથા - ૩માં જેમ પ્રભુનું સહજ કર્તૃત્વ બતાવ્યું હતું તેમ આ સહજ, સ્વભાવગત ભોક્તૃત્વ છે. પ્રભુનો જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ સ્વ-પરપ્રકાશક હોવાથી પ્રભુ **સ્વપર ઉપયોગી** છે. તેમના શુદ્ધ ઉપયોગમાં સ્વ-આત્મા અને અનંત પરપદાર્થો યુગપત્ જણાતા હોવા છતાં પ્રભુ **તાદાત્મ્ય સત્તારસી** - નિજ ચૈતન્યસત્તાના રસિયા બની તેમાં જ લીનતા, તાદાત્મ્ય સાધે છે. વળી, પ્રભુને અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય થયો હોવાથી અનંત વીર્ય પ્રગટ્યું છે.

વીર્ય ગુણની અનંત શક્તિ અનંત ગુણોને અકબંધ ટકાવી રાખવામાં પ્રવૃત્ત હોવા છતાં તે માટે પ્રભુને કોઈ પ્રયાસ કરવો પડતો નથી એ દૃષ્ટિએ પ્રભુ અપ્રયોગી છે. અહો ! સુમતિનાથ ! આમ ભોગી છતાં અયોગી, ઉપયોગી છતાં સ્વરૂપલીનતારૂપ અનુપયોગી, શક્તિનું પ્રવર્તન છતાં અપ્રયોગી એવું આપનું સ્વરૂપ ખરેખર સાનંદાશ્ચર્ય ઉપજાવે છે અને અમને આપની વધુ ને વધુ ભક્તિ કરવાનો ઉલ્લાસ જગાડે છે. પ્રભુનું આવું વિવિધભંગી સ્વરૂપ શ્રી આનંદઘનજીના શ્રી શીતલતાથ સ્તવનની યાદ અપાવે છે. શ્રી સુમતિનાથ પ્રભુની પ્રભુતા શા માટે છે તે હવે શ્રી દેવચંદ્રજી સમજાવે છે :

**વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી,**
**એટલે કોઈ પ્રભુતા ન પામે;**
**કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,**
**તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે. અહો૦ ૫**

**શબ્દાર્થ :** સર્વ વસ્તુ પોતાની પરિણતિમાં (સ્વધર્મમાં) પરિણમતા હોવાથી પરિણામી છે. પણ તેટલા માત્રથી તે સર્વ કાંઈ પ્રભુતા પામતા નથી. પ્રભુ તો તે છે કે જે સ્વભાવના કર્તા હોય, જ્ઞાતા હોય, તેમાં જ રમણતા કરે, તેનો જ અનુભવ કરતા હોય, સ્વ-તત્ત્વના સ્વામી હોય અને શુદ્ધ તત્ત્વનું ધામ હોય.

**વિશેષાર્થ :** કોઈને પ્રશ્ન થાય કે ઉત્પાદ-વ્યય-ધ્રુવતા, નિત્યતા-અનિત્યતા, અસ્તિત્વ-નાસ્તિત્વ આદિ કેટલાક ગુણધર્મો તો સર્વ વસ્તુમાં છે. જડ-ચેતન સર્વ દ્રવ્યો નિશ્ચયનયથી તો નિજધર્મમાં જ પરિણમે છે. પણ તે સર્વને તો કંઈ પ્રભુ કહેતા નથી અને સુમતિનાથ ભગવાનને આવા જ ગુણધર્મો કહ્યા છતાં તેને પ્રભુ કેમ કહો છો ? તમને તમારા ભગવાન પ્રત્યે કંઈ પક્ષપાત લાગે છે ! તો શ્રી દેવચંદ્રજી તેનું નિરાકરણ કરતાં કહે છે કે જડ-ચેતન ભલે પોતાના વસ્તુસ્વભાવ પ્રમાણે જ પરિણમન કરે છે, તેમ છતાં તેમનામાં ને પ્રભુમાં મોટો ફરક છે. જડ દ્રવ્યમાં અનંતા ગુણો છે, પણ સર્વ જડરૂપ જ છે. તે પોતે પોતાને જ જાણતા નથી. તે કોઈના જ્ઞાનમાં માત્ર જ્ઞેય બની શકે, પણ જ્ઞાતા કદાપિ નહિ. અને અજ્ઞાની જીવની વાત કરીએ તો તેનામાં પ્રભુ જેવા ગુણો શક્તિરૂપે છે પણ વ્યક્ત નથી તો શું કામનું ? વળી તે જ્ઞાનવંત હોવા છતાં રાગ-દ્વેષ-મોહને લીધે અજ્ઞાનપણે વર્તે છે અને દુઃખી થાય છે. તો એવા દીન-હીન જીવને પણ પ્રભુ કઈ રીતે કહેવાય ? પ્રભુ તો તે છે કે જે પોતાના મૂળ આત્મસ્વરૂપને **"કરે, જાણે, રમે, અનુભવે."** પ્રભુ નિજસ્વરૂપના કર્તા છે (કરે), જે વિશે આપણે આગળ જોઈ ગયા. નિજ સ્વરૂપના જ્ઞાતા તેમજ લોકાલોકના જ્ઞાતા (જાણે), સ્વરૂપમાં જ નિરંતર રમે છે અને અનંત જ્ઞાનાનંદ આદિ અનંત ગુણોનો અનુભવ કરી તેનો ભોગવટો, સ્વસંવેદન અનંત કાળ સુધી કરશે. આવું ઐશ્વર્ય હોવાથી જ તેઓ પ્રભુ કહેવાને યોગ્ય છે. વળી, પ્રભુ તે કે જે પોતાના, સ્વ-તત્ત્વના સ્વામી હોય, જેથી તેમને કોઈ પરાધીનતા નથી હોતી અને જેમનું તત્ત્વ અર્થાત્ જેમનો શુદ્ધાત્મા અનંત શુદ્ધ ગુણોનું ધામ છે. આમ, પ્રભુની પ્રભુતા શા માટે છે તેનું સુંદર, સચોટ સ્પષ્ટીકરણ કરી શ્રી દેવચંદ્રજી આગળની ગાથાઓમાં જીવદ્રવ્યનું સ્વરૂપ, સાધનાનું સ્વરૂપ સમજાવશે અને તે દ્વારા સમાધિની ચરમસીમા સુધી લઈ જશે. જે યથાઅવસરે અવલોકીશું. **(ક્રમશઃ)** ■ ■ ■

(સપ્ટેમ્બર મહિનાના અંકમાં પાના નં. ૨૦માં શ્રી અભિનંદન જિનસ્તવન ગાથા-૭માં 'એક વાત' ને બદલે 'એકતાન' એમ સુધારીને વાંચવા વિનંતી.)

- **તમે આવો અને માન મળે એના કરતા તમે જાઓ અને તમારી ખોટ વર્તાય એ ઉત્તમ સન્માન કહેવાય.**
- **પરિસ્થિતિ આપણને સાચવી લે એ આપણું નસીબ અને પરિસ્થિતિને આપણે સાચવી લઈએ તે આપણી સમજણ.**

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)

**(ક્રમાંક - ૧૦)**

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

અણુવ્રતોમાં ગુણ ઉત્પન્ન કરનાર વ્રતોને ગુણવ્રત કહે છે. અર્થાત્ ગુણવ્રતોના પાલનમાં અહિંસાદિ અણુવ્રત વિશેષરૂપથી પલ્લવિત થાય છે. તેની ગુણવત્તામાં વિશેષ વૃદ્ધિ થાય છે માટે તેને ગુણવ્રત કહે છે.

દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડવ્રત આ ત્રણ ગુણવ્રત કહેવાય છે. આ ત્રણે અહિંસાપાલનની મુખ્યતાથી જ કહ્યાં છે. જેમાંથી દિગ્વ્રત અને દેશવ્રતની વિચારણા ગતાંકમાં કરેલ. હવે, ત્રીજા અનર્થદંડવ્રત વિષે અહીં વિચારણા કરીશું.

**(૩) અનર્થદંડવ્રત :**

**અનર્થનો અર્થ છે અનાવશ્યક કે અપ્રયોજનભૂત તથા દંડનો અર્થ છે મન, વચન, કાયની અશુભયોગરૂપ પ્રવૃત્તિ અને વ્રતનો અર્થ છે - પ્રતિજ્ઞા અર્થાત્ અપ્રયોજનભૂત મન, વચન, કાયની અશુભોપયોગરૂપ પ્રવૃત્તિ ન કરવાનો સંકલ્પ કે પ્રણ તેને અનર્થદંડવ્રત કહે છે.**

જે કરવાથી ન તો પોતાનું કંઇ ભલું થાય અને ન તો અન્યનું કંઇ ભલું થાય એવી પ્રવૃત્તિઓને અનર્થદંડ કહેવાય છે. આમ તો એવી અનેક પ્રવૃત્તિઓ છે પરંતુ મુખ્યરૂપથી પાંચ અનર્થદંડરૂપ પ્રવૃત્તિઓ છે કે જેથી વિશેષ અનાવશ્યક પાપાસ્રવ થાય છે.

(૧) **પાપોપદેશ :-** કોઇને પાપકર્મ કરવાનો ઉપદેશ આપવો કે પ્રેરણા કરવી તે પાપોપદેશ કહેવાય છે. આનાથી બન્નેનું ખરાબ જ થાય છે.

(૨) **હિંસાદાન :-** કોઇને વિષ, તલવાર, બંદૂક, બોમ્બ આદિ આપવાં હિંસાદાન કહેવાય છે. આનો પ્રયોગ નિયમથી હિંસાનું કારણ થાય તેથી બન્નેનું ખરાબ જ થાય છે.

(૩) **અપધ્યાન :-** ખરાબ વિચાર કરવાં તેને અપધ્યાન કહે છે અર્થાત્ વ્યર્થ બેઠા બેઠા બીજાને મારવાના, નુકસાન કરવાના, ચોરી કરવાના, કોઇનું અનિષ્ટ એવું વિચારવું તથા આવા નિષ્પ્રયોજનભૂત ખોટા વિચારોમાં મગ્ન રહેવું તે અપધ્યાન કહેવાય છે. આનાથી કોઇને કિંચિત્ પણ લાભ થતો નથી. તેથી તેને અનર્થદંડ કહે છે.

(૪) **દુઃશ્રુતિ :-** પ્રયોજન વિના માત્ર શોખ કે મનોરંજન માટે અશ્લીલ તથા હિંસાની પ્રેરણા આપનાર સાહિત્ય વાંચવું તથા અન્યોને પણ વાંચવાની ભલામણ કરવી તે દુઃશ્રુતિ કહેવાય છે. જેમ કે રાગ તથા હિંસા વધારનાર ઉપન્યાસ આદિ વાંચવાં.

(૫) **પ્રમાદચર્યા :-** પ્રયોજન વિના છોડ ઉખાડવાં, પત્તા તોડવાં, જમીન ખોદવી, પાણી ઢોળવું, જ્યાં-ત્યાં ફરતાં રહેવું, અકારણ હાથ-પગ હલાવવાં આદિ નિષ્પ્રયોજનભૂત ક્રિયાઓ કરવી તે પ્રમાદચર્યા કહેવાય છે. આ સ્વ-પર બન્ને માટે એકાન્તે અહિતકારક છે માટે તેને અનર્થદંડ કહે છે.

આ રીતે અન્ય પણ નિષ્પ્રયોજનભૂત એકાન્તથી સર્વ માટે અહિતકર ક્રિયાઓને અનર્થદંડ સમજવી જોઇએ. તેને ન કરવા માટે સંકલ્પબદ્ધ થવું જ અનર્થદંડવ્રત છે.

★ **અનર્થદંડવ્રતના અતિચાર :-**

''कन्दर्पकौत्कुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोग-परिभोगानर्थक्यानि ॥''

અર્થાત્ કન્દર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષાધિકરણ અને ઉપભોગપરિભોગાનર્થક્ય આ પાંચ અનર્થદંડવ્રતના અતિચાર છે.

(૧) **કંદર્પ :-** રાગભાવની તીવ્રતાવશ હાસ્યમિશ્રિત મદ ભરેલા અશિષ્ટ વચન બોલવા તે કંદર્પ

કહેવાય છે. જેમ કે કોઇ યુવતીને જોઇને કામભાવથી વશીભૂત થઇ અભદ્ર બોલવું ઇત્યાદિ કંદર્પ અતિચારમાં આવે છે.

(૨) **કૌત્કુચ્ય :-** રાગને વશીભૂત થઇ હાસ્યમિશ્રિત અસભ્યવચન સાથે શારીરિક કુચેષ્ટાઓ કરવી તે કૌત્કુચ્ય કહેવાય છે.

(૩) **મૌખર્ય :-** ધૃષ્ટતાપૂર્વક, નિઃસાર, આવશ્યકતાથી વધારે બોલવું તે મૌખર્ય કહેવાય છે. બડકબોલું તે મૌખર્ય અતિચારમાં આવે છે.

(૪) **અસમીક્ષ્યાધિકરણ :-** વિચાર કર્યા વગર નિષ્પ્રયોજન પોતાની શક્તિથી બહાર મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરવી તે અસમીક્ષ્યા-ધિકરણ કહેવાય છે. જેમ કે હું આ કૂવાનું બધું પાણી એકલો જ ખાલી કરી દઇશ એવો સંકલ્પ કરી ડોલથી કૂવાને ખાલી કરવાનું કામ કરવું ઇત્યાદિ અસમીક્ષ્યાધિકરણમાં આવે છે.

(૫) **ઉપભોગપરિભોગાનર્થક્ય :-** આવશ્યકતાથી વધારે ભોગોપભોગની સામગ્રીનો સંગ્રહ રાખવો તે ઉપભોગપરિભોગાનર્થક્ય અતિચાર કહેવાય છે. જેમ કે અનેક ગાડીઓ, અનેક ઘર ઇત્યાદિ રાખવા તે ઉપભોગપરિભોગા-નર્થક્ય અતિચારમાં આવે છે.

**આશય એ છે કે સ્વ-પરને અહિતકારી એવા સર્વ અનાવશ્યક કાર્યોનો ત્યાગ કરીને સ્વ-પરને કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પોતાને સદાય વ્યસ્ત રાખવો જોઈએ. સ્વશુદ્ધાત્મામાં પ્રવૃત્તિ કરવી સર્વોત્તમ છે. તે ન થાય તો આત્મભાવના કરવી, તે ન થાય તો તત્ત્વચિંતન કરવું, તે ન થાય તો તત્ત્વાભ્યાસ (સ્વાધ્યાય) કરવો, તે ન થાય તો વીતરાગ દેવ-ગુરુની ભક્તિમાં મગ્ન રહેવું, તે ન થાય તો સાધુઓ, ત્યાગીઓ, મહાત્માઓ, ગુણવંતોની સેવામાં લાગ્યા રહેવું, તે ન થાય તો પોતાના કુટુંબ તથા પરિવારની સેવામાં લાગ્યા રહેવું અને આમાંથી કાંઈપણ ન કરી શક્તા હોવ તો નરકાદિના પ્રવાસની તૈયારી કરી લેવી જોઈએ. (ક્રમશઃ)**

• • •

## કૃપાળુદેવનાં વચનામૃત

**— ધનસુખભાઈ મહેતા**

**અહો અહો - અદ્‌ભુત આનંદકારી**
**મને - તમને બનાવશે અવિકારી**
**શુદ્ધ સાત્ત્વિક પવિત્ર છે હિતકારી**
**વાણી છે મીઠી મધુર સુખકારી**
**હે પ્રભુ હે પ્રભુ ! શું કહું ?**
**પ્રભુ પ્રભુનું મંત્ર ઔષધ ગુણકારી**
**ભજીને ભગવંત બનાવે જયકારી**
**પરમ શાંતરસ સૌને શાંતિકારી**
**સમતા-સમભાવ-સમતુલા લાવે વિચારી**
**કર વિચાર તો પામ**
**ક્યાંથી આવ્યા ક્યાં જવાનો કરો વિચાર**
**આ જ તત્ત્વ છે સત્ છે સુંદર નિર્ધાર**
**સત્પુરુષનું યોગબળ મુખ્ય છે આધાર**
**કૃપાળુદેવનાં વચનો એ જ મારો આચાર**

પરમકૃપાળુદેવનાં વચનામૃત મને પ્રિય પ્રિય - એકાંતે હિતકારી અને અમૃત સરખાં લાગ્યાં છે. તેમના પત્રો વાંચતા મને એમ થાય છે કે તે મારા માટે જ લખાયાં છે ! તેમનો 'ક્ષમાપના' પાઠ પહેલી વખત જાહેરમાં વાંચ્યો ત્યારે મને ખબર જ નહીં કે હું કેટલું રડી રહ્યો છું ! મને ત્યારે જ ખબર પડી કે ભગવાન હું ભૂલો પડેલો માણસ છું.

સ્વરૂપભાન કરાવનાર આ મારા આત્મપ્રદેશને હલબલાવી ગયો.

સામાન્ય માણસ છું - કૃપાળુની વાતો સામાન્ય નથી.

શુદ્ધ, બુદ્ધ, સ્વયંજ્યોતિ સુખધામ આપણે બની જઈએ તેવી વાત છે.

પરમકૃપાળુ રાજચંદ્રજીનાં વચનામૃત એ મારા જીવનનું વાંચન છે. વિચાર છે. તેમના ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી. કૃપાળુદેવ અને તેમનાં વચનામૃત ત્રિકાળ સત્ય જ છે.

# શ્રી ભક્તામર સ્તોત્ર

**(ક્રમાંક - ૩૪)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**ભયભંજક પ્રભુ આશ્રય - ૨. સિંહભયભંજક**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**भिन्नेभकुम्भगलदुज्जवलशोणिताक्त -**

**मुक्ताफलप्रकरभूषित भूमिभागः ।**

**बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,**

**नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३९॥**

● **શબ્દાર્થ :** भिन्न - ભેદાયેલા, इभ - હાથી(ના), कुम्भ - ગંડસ્થળ(માંથી), गलत् - પડી રહેલા, ખરતા, उज्जवल - સફેદ (તથા), शोणित - લોહી(થી), अक्त - ખરડાયેલ, मुक्ताफल - મોતીઓ(ના), प्रकर - સમૂહ(થી), भूषित - શોભિત (બનાવી દીધો છે જેણે), भूमिभागः - પૃથ્વીનો ભાગ (એવા), बद्धक्रमः - ફાળ ભરેલ, છલાંગ મારવાને તૈયાર (અથવા), क्रमगतम् - છલાંગ મારી ચૂકેલો, પંજામાં પડેલો, हरिण - હરણ-પશુ(નો), अधिप - અધિપતિ, हरिणाधिप - પશુઓનો રાજા(સિંહ), अपि - પણ, વળી, न आक्रामति - આક્રમણ કરતો નથી, क्रमयुग - બંને ચરણ(યુગલરૂપી), अचल - પર્વત(નો), संश्रितं - આશ્રય લેનાર(પર), ते - તમારા (આદિનાથ પ્રભુના).

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**જે હાથીના શિરમહીં રહ્યા રક્તથી યુક્ત છે ને,**

**મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;**

**એવો સામે મૃગપતિ કદી આવતો જો રહે છે,**

**નાવે પાસે શરણ પ્રભુજી ! આપનું જે ગ્રહે છે.(૩૯)**

● **ભાવાર્થ :** જેણે(મોટા) હાથીઓના ગંડસ્થળ ભેદીને તેમાંથી પડી રહેલા લોહીથી ખરડાયેલાં એવા શ્વેત મોતીઓના સમૂહથી ભૂમિભાગને શોભિત કર્યો છે, તથા (આક્રમણ કરવા માટે) જે છલાંગ મારવાને તૈયાર છે, અથવા છલાંગ મારી ચૂકેલો છે, એવો (ભયંકર) સિંહ પણ (હે ભગવન્ !) તમારા ચરણરૂપ પર્વતનો આશ્રય લેનાર (ભક્ત) પર આક્રમણ કરતો નથી (કરી શકતો નથી).

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્રી જિનેશ્વરદેવના નામસ્મરણ કે મંત્રસ્મરણનો આશ્રય લેવાથી મદોન્મત્ત હાથીના આક્રમણથી બચી શકાય છે (શ્લોક-૩૮), તેમ અતિ પરાક્રમી એવા સિંહના આક્રમણથી પણ બચી શકાય છે તે સ્તોત્રકાર મહર્ષિ પોતાની અનોખી છટાથી આ શ્લોક -૩૯માં દર્શાવે છે.

સિંહ એવો પરાક્રમી છે કે તે છલાંગ મારીને ગમે તેવા મોટા હાથીના મસ્તક પર ચડી જાય અને પોતાના બળવાન પંજા વડે હાથીનું ગંડસ્થળ ચીરી નાંખે. એ ગંડસ્થળમાંથી શ્વેત મોતીઓ નીચે પડે અને તે લોહીથી ખરડાયેલા હોય. આ રીતે શ્વેત છતાં રક્ત વર્ણની છાયાવાળા મોતીઓનો સમૂહ પૃથ્વી પર પડવાથી એક જાતનું વિચિત્ર પણ મનોરમ્ય દૃશ્ય ખડું થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે બધા હાથીના ગંડસ્થળોમાં મોતી પાકતા નથી. મોતી તો ભદ્રજાતિનો જે મહાન હાથી હોય છે તેના ગંડસ્થળમાં જ પાકે છે. એટલે કે જે સિંહે ભદ્ર જાતિના હાથીનો શિકાર કર્યો હોય તે છલાંગ મારીને આપણા પર ધસવાની તૈયારીમાં હોય કે ધસી ચૂક્યો હોય, પણ તે વખતે જો આપણે શ્રી જિનેશ્વરદેવના ચરણ યુગલનો આશ્રય લઈએ, એટલે કે તેમને મનથી વંદન કરીને તેમનું નામસ્મરણ કે મંત્રસ્મરણ ચાલુ કરીએ તો એ સિંહ આપણા પર આક્રમણ કરતો

નથી કારણ કે પ્રભુનામ / મંત્રશ્રવણથી તેના ભાવ શાંત અને સૌમ્ય બની જાય છે. અથવા સિંહ આક્રમણ કરી શકતો નથી કેમ કે પ્રભુનામ / મંત્રસ્મરણથી અધિષ્ઠાતા દેવ-દેવી સહાય કરે છે, જો આપણો પુણ્યોદય તે સમયે તેને અનુરૂપ હોય તો.

ભક્ત કહે છે કે ઓ ભયભંજન ભગવાન ! શું તારો મહિમા ગાઉં ? તારા ચરણની સેવના કરનારના જીવનમાં ભય ક્યાંય ડોકિયું કરી શકતો નથી. યથા :

**સેવન કારણ પહેલી ભૂમિકા રે,**

**અભય, અદ્વેષ, અખેદ.**

— આનંદઘનજી, સંભવનાથ સ્તવન

ભય એટલે પરિણામોની ચંચળતા. દ્વેષ એટલે અરોચક ભાવ (અણગમો) અને ખેદ એટલે ધર્મ-પ્રવૃત્તિ કરતા થાક અને કંટાળો. પ્રભુ ! તારો સેવક ભય-દ્વેષ-ખેદ આ ત્રણ દોષથી મુક્ત બની જાય છે. તેનામાં અભયનો રણકાર હોય છે. દ્વેષની દાસ્તાન તેને સતાવતી નથી. તારી આજ્ઞા મુજબ ધર્મ આરાધનાની પ્રવૃત્તિ કરતા થાકતો નથી. તારા સેવકપણાની તેનામાં ખુમારી હોય છે કે, હું જેવા તેવાનો સેવક નથી. હું તો ત્રણ લોકના મહારાજાધિરાજનો સેવક ! પછી મારી સામે કદાચ વનનો રાજા કેસરી સિંહ આવે તોય શું ? એ મારો વાળ વાંકો ન કરી શકે. આ વાત શ્લોક - ૩૯માં માનતુંગાચાર્યે રજૂ કરી છે કે,મદોન્મત્ત હાથીઓના ગંડસ્થળને ભેદીને જેણે ભૂમિભાગ લોહીથી ખરડાયેલા શ્વેત મોતીઓના સમૂહથી શોભાયમાન બનાવી દીધો છે એવો વિકરાળ સિંહ છલાંગ મારતો ચાલ્યો આવતો હોય અને સામે જ પ્રભુના ચરણ-શરણનો આશ્રય લેનાર ભક્ત ઊભો હોય તો તેને તે સિંહ કશી ઈજા પહોંચાડી શકતો નથી.

જુઓ પેલો ચમરેંદ્ર બિચારો ગયો ઈશાનેંદ્રને હરાવવા અને જ્યાં ઈશાનેંદ્રે વજ્ર ઉપાડ્યું ત્યાં તો ઊભી પૂંછડીએ ભાગ્યો - દોડ્યો. ઊર્ધ્વલોકમાંથી મધ્યલોકમાં પહોંચી ગયો જિનેશ્વર પરમાત્માના ચરણમાં ! રૂપ બનાવી લીધું કંથવા (જૂ જેવું) જેટલું સૂક્ષ્મ અને સંતાઈ ગયો પ્રભુના ચરણકમળમાં ! તો થઈ ગયું રક્ષણ તેનું ઇન્દ્રના વજ્રથી, નહિ તો શું સ્થિતિ થાત એ અમરેંદ્રની ? બસ આવી રક્ષણની તાકાત છે પરમાત્માના પાદપદ્મના આશ્રયની !!

આગળના શ્લોક-૩૮માં માન કષાય હાથીના રૂપકથી દર્શાવ્યા પછી આ શ્લોક-૩૯માં ક્રોધ કષાયનું સ્વરૂપ સિંહના રૂપકથી બતાવ્યું છે. ભોજરાજાને કેસરી સિંહની ઉપમા આપી છે. રાજા પોતાનું અહમ્ ઘવાયાથી બરાબરનો કોપાયમાન બન્યો છે તેથી સારાસારનું ભાન ભૂલી પવિત્ર આચાર્યશ્રીના ઉજ્જવળ મોતી સરખા સદુપદેશનો લાભ લેવાને બદલે તેમને કારાગૃહમાં પૂરીને પોતે તો લાભ લેતો નથી પરંતુ અન્યને પણ લેવા દેતો નથી. જેવી રીતે સિંહ હાથીનું કપાળ ચીરીને અમૂલ્ય મોતીઓ, કે જે ભૂમિને પણ શોભાવે તેવા કિંમતી છે, તેને પોતે ઉપયોગમાં લેતો નથી અને લોહીવાળા કરીને ધૂળમાં રગદોળી નાખે છે, જેથી અન્યના ઉપયોગમાં પણ આવે નહિ. આ પ્રમાણે રાજા પણ સિંહની જેમ ક્રોધને લીધે વિવેક સદંતર ભૂલ્યો છે.

વિવેક અને ક્રોધ સહચારી નથી. એક હોય ત્યાં બીજો ન જ હોય. આવી વિવેકસંપન્નતા નિરંતર આપણામાં રહે અને ક્રોધનો કદાપિ ઉદય ન થાય તે માટે શું કરવું ? આચાર્યશ્રી કહે છે કે પ્રભુના ચરણોનું શરણું લો. તેથી ભોજરાજા જેમ નમી પડ્યો તેમ કર્મરાજા પણ નમી પડે એટલે કે અશુભ કર્મોદય રસ વિપાક વિના નિર્જરી જાય. ક્રોધ દૂર થવાથી અંતરમાં ક્ષમા ગુણ પ્રગટે છે, જેથી પરમ શાંતિ અનુભવાય છે.

આ શ્લોકમાં ઉપસર્ગ વખતે પ્રભુના શરણમાં

રહેનાર ભક્તની અવસ્થાનું વર્ણન માનતુંગાચાર્યે કર્યું છે. બળવાન અને ક્રોધે ભરાયેલ દોડતા સિંહની હડફેટમાં જે માણસ આવી પડ્યો હોય, તે જો પ્રભુના ચરણરૂપી પર્વતનો આશ્રય લે તો તેવો સિંહ પણ તેને પંજામાં લઈ શકતો નથી. સિંહ એ ક્રૂર અને હિંસક પ્રાણી છે. તેનું બળવાનપણું જાણીતું છે અને તેથી જ તે વનનો રાજા છે. એમાં પણ હાથી જેવા જોરાવર પ્રાણીનો શિકાર કરીને ફરતા ક્રોધિત સિંહના રસ્તામાં આવનારના હાલનું તો પૂછવું જ શું ? હાથી એ માનનું પ્રતીક છે અને તેનું કુંભસ્થળ (ગંડસ્થળ) એટલે તેના સર્વ અંગોમાંનું ઉત્તમ અંગ કે જ્યાં ગજમોતી હોવાની કવિકલ્પના છે. હાથીના કુંભસ્થળને છેદનાર સિંહ કેવો બળવાન હોવો જોઈએ ? તો સૂરિજી કહે છે કે આવા સિંહની હડફેટમાં આવનાર પણ જો યથાર્થપણે પ્રભુનો આશ્રય લે તો તેને સિંહ કાંઈ કરતો નથી.

માનતુંગાચાર્ય વિના કારણ કુપિત રાજાની હડફેટમાં આવી ગયા હતા. તેઓ પોતાના કોઈ અકાર્યથી ઉન્માદી ભોજરાજાની હડફેટમાં આવ્યા ન હતા, પણ પૂર્વના અશુભ કર્મોના ઉદયરૂપ વિપરિત સંજોગોથી રાજાના હાથમાં તેઓ ફેંકાઈ ગયા હતા, એ રહસ્ય આ શ્લોકમાંથી પ્રગટ થાય છે. અલબત્ત આચાર્યશ્રીને તો અંતરમાં અતૂટ શ્રદ્ધા અને શાંતિ છે કે તેમને પ્રભુના ચરણરૂપી પર્વતનો આશ્રય છે તેથી કૂપિત રાજા તેમને કાંઈ કરી શકશે નહિ. જંગલના રાજા સિંહની પકડમાંથી છૂટવા જેમ પર્વત સહાયરૂપ થાય છે તેમ પ્રભુના ચરણરૂપ પર્વત અહીં સહાયકારી બને છે.

હે દેવ ! જેનું ચિત્ત આપના क्रमयुग એટલે ચરણકમળમાં અચળપણે આશ્રિત છે તેને સિંહનો ભય નથી, સિંહ પણ તેના પર આક્રમણ કરતો નથી. સિંહ પણ કેવો છે : (૧) બળવાન, પરાક્રમી વનનો રાજા છે, (૨) પંજાના પ્રહાર વડે જેણે મોટા હાથીના કુંભસ્થળને ચીરી નાંખ્યું છે, (૩) જે ક્રુદ્ધ (ક્રૂર, ઉદ્ધત, ક્રોધનું મિશ્રણ) છે, (૪) ત્રાડ પાડતો ધસમસતો સામે આવે છે, (૫) बद्धक्रम છલાંગ મારવા તૈયાર છે, (૬) તેણે છલાંગ - છાપો મારી પણ દીધો છે, (૭) પ્રભુનો ભક્ત क्रमगतम् તેના પંજાની વચ્ચે આવી પડ્યો છે. તો પણ क्रमयुग આપના ચરણકમળનો અચળ આશ્રય લેનાર ભક્ત ઉપર તે સિંહ આક્રમણ કરતો નથી, તેને કાંઈ ઈજા પહોંચાડતો નથી. અહો જિનદેવ ! આપની સમીપમાં સિંહ જેવા ક્રૂર જીવો પણ શાંત થઈ જાય છે.

મહાવીર ભગવાનનો જીવ જ્યારે પૂર્વે ૧૦મા ભવમાં સિંહ હતો, ત્યારે બે ચારણમુનિઓ તેને સંબોધવા આકાશમાંથી ઉતર્યા. સિંહ તો એ મુનિવરોની વીતરાગી શાંતિ દેખીને ચકિત થઈ ગયો. મુનિઓને તો સિંહનો ભય ન લાગ્યો, પણ, ઊલટો તે સિંહ મુનિઓને દેખીને શાંત થઈ ગયો ને આત્મજ્ઞાન પામ્યો (આમ્નાયભેદે સમજવું). તે જ રીતે હનુમાનની માતા અંજના જ્યારે વનની ગુફામાં રહેતી હતી ને મુનિસુવ્રતસ્વામીની ભક્તિ કરતી હતી ત્યારે ગુફાના બારણે એક ક્રૂર સિંહ આવીને ત્રાડ પાડવા લાગ્યો. અંજના જિનસ્મરણ કરવા લાગી. ત્યારે એક દેવે અષ્ટાપદ (આઠ પગવાળા સિંહ)નું રૂપ ધારણ કરીને પેલા સિંહને ભગાડી મૂકીને અંજનાની રક્ષા કરી. પુણ્યયોગે ધર્માત્માઓને આવો યોગ બની જાય છે.

કોઈવાર મુનિને સિંહ-વાઘ ખાઈ પણ જાય છે. પારસનાથના જીવને, સમકિત પછીના ૮મા ભવમાં અર્થાત્ પાર્શ્વનાથપ્રભુના પૂર્વ ત્રીજા ભવમાં, આનંદમુનિ (પાઠાંતરે સુવર્ણબાહુ મુનિ)ના ભવમાં સિંહે (કમઠના જીવે) ફાડી ખાધા હતા. સુકોશલમુનિને, તેની જન્મદાત્રી મહારાણી બીજા ભવમાં, વાઘણ થઈને ખાઈ ગઈ. નિકાચિત અશુભકર્મના ઉદયે આવું પણ બને છે.

એવા પ્રસંગેય જેના અંતરમાં જિનભક્તિ છે તેને કોઈ ભય નથી. મૃત્યુ આવે તો પણ તેઓ ધર્મની આરાધના છોડતા નથી. સિંહ આવીને શું કરશે ? એમ વિચારતો ધર્મી ભક્ત જીવ નિઃશંક ને નિર્ભય રહે છે. પાછળ સિંહ આવતો હોય તો ધર્મી જીવ ભાગે પણ ખરો. તે તો નોકષાયરૂપ ભય સંજ્ઞા છે. પરંતુ જિનમાર્ગ, જિનભક્તિ અને આત્માની આરાધનામાં તેઓ નિઃશંક છે. સિંહના પગ વચ્ચે હોય તો પણ ભક્ત નિઃશંક છે કે સિંહ મારા ધર્મ અને આત્મા પર આક્રમણ નહીં કરી શકે. આ છે જિનભક્તની અંતરંગ દશા, આ છે જિનભક્તિનું પરિણામ !

બહારમાં ક્રૂર સિંહ અને અંદરમાં તીવ્ર ક્રોધના અશુભ કર્મોના ઉદયરૂપ સિંહ, તેના ઉપસર્ગ જિનભક્તને વિશુદ્ધ પરિણામ વડે દૂર થઈ જાય છે. ભયાનક પરિષહ કે મરણાંતિક ઉપસર્ગ આવે તો તે સમયે સાધક જીવની શૂરવીરતા જાગી ઉઠે છે. ઉપસર્ગથી ડરીને આરાધના કે જિનભક્તિ કે પ્રભુ-ગુરુનું સ્મરણ છોડતા નથી. અશુભકર્મનો ઉદય પલટવામાં (સંક્રમણ) આવી સ્તુતિના શ્લોક નિમિત્ત બની જાય છે. તેથી આ શ્લોકનું નામ **'સિંહભય ભંજક'** સ્તુતિ છે. અમારા હૃદયમાં પ્રભુ ! આપ બિરાજો છો પછી અમને સિંહનો (કે કાંઈ પણ) ભય કેવો ? જ્યાં સાક્ષાત્ અહિંસાની મૂર્તિ સમા પરમાત્મા બિરાજતા હોય ત્યાં સમવસરણમાં સિંહ વગેરે પણ શાંત અને અહિંસક બની જાય છે. ક્રોધાદિ કર્મના ઉદયરૂપ સિંહનો કે પ્રતિકૂળતાનો અમને ડર નથી. સર્વજ્ઞના સમ્યક્ શ્રદ્ધા અને જ્ઞાનરૂપ બે ચરણનું શરણ લીધું હોવાથી પ્રતિકૂળતા-પરિષહ-ઉપસર્ગો વચ્ચે પણ ધર્મમાં મૂંઝાતા નથી, ભયભીત થઈને ધર્મને છોડતા નથી. અપજશ થાય, દરિદ્રતા આવે, રોગ થાય કે કોઈ બેડીથી બાંધીને જેલમાં પૂરે — તો પણ હે નાથ ! આપનો ભક્ત કર્મરૂપી સિંહના પંજામાં સપડાતો નથી. નિર્ભયપણે તે મોક્ષના માર્ગે ચાલ્યો જાય છે. કર્મોદયના પંજામાં તેની જ્ઞાનચેતના ફસાતી નથી. પુણ્ય અને પુરુષાર્થનો તેને સુમેળ હોય છે.

પૂ. કાનજીસ્વામી કહે છે કે અહા પ્રભો ! જેનું ચિત્ત આપના ધ્યાનમાં લાગેલું છે તેને બહારમાં સિંહ આવીને ખાતો હોય તો પણ શું ? આપના ગુણોમાં જેનું ચિત્ત લાગેલું છે તેને સિંહનો ભય નથી. અરે, માથું સિંહના મોઢામાં હોય ને અંદર આત્મામાં કેવળજ્ઞાનની તૈયારી ચાલતી હોય ! તેણે અંતરમાં નિજ શુદ્ધાત્માનું શરણ લીધું છે. બહારમાં કોઈ દેવ સિંહનું રૂપ ધારણ કરીને કહે કે તું જિનધર્મ-જિનભક્તિને છોડી દે, નહિતર તને ખાઈ જઈશ, તો ત્યાં પણ સિંહનો ભય પામીને જિનેન્દ્ર ભગવાનનું સ્મરણ કે શરણ ધર્માત્મા છોડતા નથી. હે દેવ ! સિંહ-વાઘ તો પશુ છે, ને આપ તો પરમાત્મા છો. જ્ઞાયક સ્વરૂપની ગુફામાં કર્મ ઉદયરૂપી સિંહનો પ્રવેશ નથી. જેણે જ્ઞાયક સ્વરૂપનો આશ્રય લીધો (શુદ્ધ ઉપયોગ વડે તેમાં પ્રવેશ કર્યો) તેના ઉપર કર્મરૂપી સિંહ આક્રમણ કરી શકતો નથી. સ્વસન્મુખ દશા થઈ ત્યાં બહારના સંયોગથી તે નિર્ભય થઈ ગયો.

એક અપેક્ષાએ, આ શ્લોકમાં આચાર્યશ્રીએ બધા રસ ગૂંથી લીધા છે : મદઝરતા હાથીમાં બિભત્સ રસ, વિકરાળ સિંહમાં રૌદ્રરસ, હાથીનું ગંડસ્થળ ચીરવામાં ભયાનક રસ, મોતીથી વિભૂષિત ભૂમિમાં શૃંગાર રસ, હાથીના મૃત્યુમાં કરુણ રસ, ધસમસતા અને છલાંગ મારતા સિંહમાં વીરરસ, ભક્તના પ્રભુ સ્મરણ-શરણમાં પ્રેમરસ, ભયમુક્ત બનતા હાસ્યરસ અને પ્રભુના ચરણકમળમાં શાંત રસ. બધા રસમાં શાંત (સુધા) રસ સર્વોત્તમ છે.

આ શ્લોકમાં આવેલ '**बद्धक्रम**' શબ્દ આપણને 'ક્રમબદ્ધ'ની યાદ અપાવે છે. દરેક દ્રવ્યની પર્યાયના ઉત્પાદ-વ્યય ક્રમબદ્ધ થાય છે એ ત્રિકાળ સિદ્ધાંત છે. વિશ્વના સર્વ પદાર્થોમાં ક્રમબદ્ધ

પરિણમન અને ભગવાન સર્વજ્ઞદેવના કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોનું જ્ઞાન. આ રીતે સર્વજ્ઞનો જ્ઞાન સ્વભાવ અને જ્ઞેયોનો પરિણમન સ્વભાવ, તેની સંધિ છે. તેમાં આડુંઅવળું, વહેલુંમોડું કે આઘુંપાછું થતું નથી. ભગવાનની સર્વજ્ઞતાની અને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા એ જ સમક્તિનું સાચું સ્વરૂપ છે.

અહીં ભય અને તેના ઉપાયની વિચારણા પરમાર્થ લાભનું કારણ થશે. પહેલા તો ભયનું વિશ્લેષણ કરીએ. નાની વયથી બાળકોને અંધારું (અજ્ઞાત), ભૂત, બાવો, પોલીસ, પપ્પા(!), કૂતરું, વાઘ, સિંહનો ભય ઘર કરી જાય છે. ક્ષણિક રાહત માટે, આ ભય પેદા થવામાં માતાઓ નિમિત્ત બનતી હોય છે. મોટી ઉંમરે પણ આમાંથી અમુક ભય સુષુપ્ત મનમાં રહી જાય છે. પ્રસ્તુત શ્લોકના સંદર્ભમાં સિંહના ભયનું કારણ વહેવારથી કર્મવ્યવસ્થાનું અજ્ઞાન છે : જીવ અને જગત કર્મબદ્ધ અને ક્રમબદ્ધ વ્યવસ્થિત ચાલી રહ્યા છે, બનવાકાળે (કાળલબ્ધિ) બધું બન્યા કરે, બને તે ન્યાય અને જે થાય તે યોગ્ય છે (ભવિતવ્યતા), ઋણાનુબંધ, પદાર્થની સ્વતંત્રતા, જડ-ચેતનની ભિન્નતા વગેરે. પરમાર્થથી સ્વ સ્વરૂપનું અજ્ઞાન તથા અશ્રદ્ધા છે : હું આત્મા છું - શરીર નથી, અનાદિ-અનંત રહેનાર છું, અજન્મી - અવિનાશી શાશ્વત છું, દેહથી સર્વથા ભિન્ન છું, ભાવ કરવા સિવાય હું કાંઈ કરી શકું નહીં, મારો સ્વભાવ તે મારો ધર્મ, આયુષ્ય કર્મ અને જીવન વગેરે. હવે તેના ઉપાય વિષે વિચારીએ. વહેવારથી પ્રભુના ચરણ-શરણમાં જતા નિર્ભયતા લાગે છે કે જેવી રીતે ભયભીત બાળકને મમ્મીના ખોળામાં કે પપ્પાની હાજરીમાં સલામતી અને નિર્ભયતા લાગે છે. પરમાર્થથી દેહ-આત્માની નિતાંત ભિન્નતા, આત્માની શાશ્વતતા અને ક્રમબદ્ધ પર્યાયની સાચી સમજણ (જ્ઞાન અને શ્રદ્ધા)થી જીવ નિઃશંક, નિર્ભય, નિસંગ થઈ જાય છે. વહેવારથી પ્રભુનું નામસ્મરણ અને નિશ્ચયથી ચરણ (ઉપદેશ, બોધ)- શરણ (સમર્પણતા, આજ્ઞાપાલન) નિર્ભય થવાનો સરળ, વહેવારુ અને અમોઘ ઉપાય છે.

અંતમાં સર્વ જીવ જિનેશ્વર પ્રભુના ચરણ-શરણમાં નિઃશંક નિર્ભય બનીને ત્વરાથી આત્મકલ્યાણ સાધે એ મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## અવધાન પ્રયોગ બાળ અને યુવા રાજના

**(પાના નં. ૩૩ પરથી ચાલુ...)**

પરમકૃપાળુદેવ સર્વે મળી ૪૮ અક્ષર આપે છે, જે એક માર્મિક કાવ્યરચના બની રહે છે. પરમકૃપાળુદેવ એકેક અક્ષર આપી, આખા કાવ્યરૂપે પૂર્ણ કરી, લખાવી, ફરી અવધાન સમાપ્તિને અંતે તે આખી કાવ્યરચના પૂછનારને સંભળાવે તે કયું જ્ઞાન ? અને પોતે કેટલું પામ્યા ગણાય ?

પરમકૃપાળુદેવ પોતાની અભ્યંતર દશાના ઉલ્લેખમાં આ.પ.અ.હા.નો. ૧-૪થામાં લખી જણાવે છે કે તે કંઈક પામ્યો પણ છે !

આટલું 'કંઈક' તો આપણે તેને સર્વાંગે ઓળખીએ તો તેનું 'બધું મળી કેટલું' ?

કેમ કે આ અવધાન પ્રયોગ પણ ૨૦ વર્ષની ઉંમર થતા પહેલાં છોડી દીધા હતા. એટલે આના સિવાય અને આના કરતા કંઈક ઉચ્ચતમ વસ્તુ તેઓએ હાંસલ કરી જ હતી, કરી જ છે.

"જે ધનથી બનીને ધની માને મણીને કાચ,
તે ધનની ઝીણી કણી નમી યાચું તુજ પાસ."
"... રાજ !!! નમી યાચું તુજ પાસ."

• • •

# આત્માની નિષ્ક્રિયત્વ શક્તિ (૨૩)

**વલભજી હીરજી 'કેવલ'**

જ્ઞાનમાત્ર આત્મસ્વભાવ જેમ પરભાવોના કર્તૃત્વથી રહિત છે, પરભાવોના ભોક્તૃત્વથી રહિત છે તેમ આત્મપ્રદેશોના સ્પંદનરૂપ ક્રિયાથી પણ રહિત છે. તેનો સ્વભાવ સ્થિર - અકંપ-નિષ્ક્રિય છે. પ્રદેશોનું કંપન એ કર્મના નિમિત્તે થયેલ ઉદયભાવ છે. તે આત્માનો સ્વભાવ નથી. સમસ્ત કર્મોનો અભાવ થતાં ચૈતન્યબિંબ સ્થિર અક્રિય થયું, તે આત્માનો સ્વભાવ છે. કર્મનો અભાવ થયા પહેલા ધર્મીને પોતાના આવા આત્મસ્વભાવનો અનુભવ વર્તે છે.

શરીર-મન-વાણી વગેરે પરની ક્રિયાનો તો આત્મામાં ત્રણે કાળ અભાવ છે. એ ક્રિયાઓ તો જડની છે, આત્માની નથી. આત્માના પોતાના અસંખ્યપ્રદેશોના જે કંપનરૂપ ક્રિયા છે તે પણ આત્માના સ્વભાવની ચીજ નથી. આત્મા તો સિદ્ધસમાન સ્થિર નિષ્ક્રિયસ્વભાવી છે. આત્માનો આવો નિષ્ક્રિય સ્વભાવ અનાદિઅનંત છે. તે સ્વભાવ સિદ્ધ દશામાં વ્યક્ત થાય છે. ધર્મીને પોતાનો આવો નિષ્ક્રિય ચૈતન્ય સ્વભાવ પ્રતીતમાં આવ્યો છે પણ તે કંપનરૂપ ક્રિયાનું કર્તૃત્વ ધર્મીની દૃષ્ટિમાં રહ્યું નથી, પણ નિમિત્ત-સંબંધ વગરનો ચિદાનંદ સ્વભાવ વર્તે છે.

આત્મામાં અસંખ્યપ્રદેશો, તેમાં કંપનરૂપે ક્રિયા, ને સિદ્ધદશામાં નિષ્પંદતારૂપ અક્રિયાપણું- આવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી. અસંખ્યપ્રદેશી પોતાનો ચૈતન્યપ્રદેશ, અનંત ગુણોથી ભરેલો, જે કોઈથી કંપે નહિ એવો સ્થિર છે. નિજાનંદને ભોગવે. પરભાવને કરે નહિ. પરભાવને ભોગવે નહિ ને સ્વપ્રદેશમાં કંપે નહિ - આવો અકર્તા, અભોક્તા ને નિષ્ક્રિય આત્મસ્વભાવ છે તે જ્ઞાનલક્ષણે લક્ષિત છે.

આત્મા પરને કંપાવે કે હલાવે એવી તાકાત આત્મામાં નથી, ને પરથી તેના આત્મપ્રદેશો કંપે- એવું પણ તેનું સ્વરૂપ નથી. જ્ઞાનની અનુભૂતિમાં કાંઈ કંપન ભેગું નથી આવતું. કંપન વગરનો અકંપસ્વભાવી આત્મા છે, અને સકલ કર્મની નિવૃત્તિ થતાં આત્માનો અકંપ સ્વભાવ સાક્ષાત્ પ્રગટે છે. સિદ્ધાલયમાં તે સાદિઅનંત સ્થિર રહે છે.

ચોથા ગુણસ્થાનમાં સમ્યક્દૃષ્ટિ જીવને નિષ્ક્રિયત્વ શક્તિની નિષ્કંપ દશા અંશે પ્રગટ થઈ જાય છે. તેમાં કર્મનિમિત્તક કંપનનો અભાવ છે, નિષ્કંપ પર્યાયો ક્રમવર્તી પ્રગટ થાય છે, અને ગુણો અક્રમે રહે છે. નિષ્કંપતા-નિષ્ક્રિયતા આત્માના ત્રિકાળી સ્વભાવ છે. ત્રિકાળ નિષ્ક્રિય એક જ્ઞાયકભાવ એવા નિજ આત્મદ્રવ્યનો અનુભવ થતાં પર્યાયમાં અકંપપણાનું પરિણમન થાય છે. જે પરિણમન થયું તેમાં કંપનનો અભાવ છે. આવી આત્મદૃષ્ટિ થવી તે નિષ્કંપ થવાનો મારગ છે. સર્વ ગુણો આત્મામાં અકંપ સ્વરૂપ છે. **(ક્રમશઃ)**

## રત્નકણિકાઓ

**પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા**

- **તક તકદીરથી મળે છે, તકરારમાં ગુમાવશો નહીં.**
- **અસત્ય બોલવું એ પાપ છે, પણ સત્ય ન બોલવું એ મહાપાપ છે.**
- **વજનનો અનુભવ ન કરાવે તેનું નામ જ સ્વજન.**
- **તોલીને બોલતા આવડે, એની જિંદગી બોલીને બગડશે નહીં.**

# અવધાન પ્રયોગ બાળ અને યુવા રાજના

**ડૉ. દીપકભાઈ પી. તુરખિયા**

**અવધાન :** એટલે એક વખતે એક કરતાં વધુ કામ મનઃશક્તિમાં ધારણ કરવાં અને પૂર્ણ કરવાં. પરમકૃપાળુદેવના આ અવધાન એક અજાયબી તો હતી અને છે જ, પરંતુ ખાસ વિશેષતા એ છે કે બધી જ ગદ્ય-પદ્ય રચના કે પૂછેલ સમસ્યાનો ઉકેલ સમાધાનપૂર્વક આપવા સાથે વૈરાગ્યબોધક પણ એટલો જ !

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ સૌ પ્રથમ નાની વયે આઠ અવધાન જોયા તેના બીજા જ દિવસે પોતે આઠ અવધાન કરી બતાવ્યા.

બાળરાજ રાજકોટ શ્રી ધારશીભાઈને ઘેર ગયેલા ત્યારનો આ પ્રસંગ છે. હેમરાજભાઈ અને માલશીભાઈ, આ બાળરાજની અવધાનશક્તિ જોઈ તેની મુલાકાતે આવેલ, ત્યારે તેઓ 'સંઘપટ્ટક' નામના ગ્રંથની એક ગાથા લેતા આવેલ. તેના આડાઅવળા અક્ષરો આ બાળ રાજને સંભળાવ્યા, તે યાદ રાખી લખ્યા વગર જ તેમણે આખો શ્લોક શુદ્ધ ઉચ્ચારણે બોલી બતાવ્યો હતો. આ વખતે આ બાળ રાજની ઉંમર માત્ર દસ વર્ષની હતી. ત્યારબાદ ૧૨, ૧૬ અને ૫૨ અવધાન જાહેર મેદની સમક્ષ સફળતાપૂર્વક કર્યા. પછી તો એકી સાથે પરભારાં એક સો અવધાન-શતાવધાન મુંબઈમાં જાહેરમાં કરી બતાવ્યા. આ વિષયક માહિતી ત્યાર વખતના વર્તમાનપત્રો મુંબઈ સમાચાર જામે જમશેદ, પાયોનિયર, ટાઈમ્સ ઑફ ઇન્ડિયા વગેરે છાપાંઓમાં પ્રસિદ્ધ થયેલ, જે આજે પણ પુરાવા રૂપે મોજૂદ છે. આ અભૂતપૂર્વ સિદ્ધિઓ બદલ સાક્ષાત્ સરસ્વતી, હિંદના હીરા વગેરેના ઉપનામથી તેઓને નવાજવામાં આવ્યા હતા.

આ અવધાનની ઝાંખી થાય તે અર્થે તે પ્રયોગોમાં તેઓએ શું કરેલ તે જોઈએ અને આ દેવાંશી નરની અદ્ભુત શક્તિ સમજાય તેટલી સમજવા પ્રયત્ન કરીએ.

**૧. ચોપાટ :** અવધાનના એક સાથે ૧૦૦ કાર્યો કરતા કરતા, તે માંહેના એક કાર્ય તરીકે ત્રણ જણ સાથે ચોપાટ રમતાં જવું. અમુક હદ સુધી રમત આગળ પહોંચતાં, અધવચ્ચેથી ચોપાટ ઉઠાવી લેવામાં આવતા. પ્રયોગના અંતે આ બાળરાજે જ્યાં ચોપાટ અટકાવેલ તે મુજબ બધી જ સોગઠીઓ ગોઠવી આપેલ.

**૨. ગંજીફા :** ત્રણ જણ સાથે ગંજીફાની રમત, અન્ય કાર્યો કરતાં રમવામાં આવી અને પછી અધવચ્ચે પડતી મૂકાઈ. પ્રયોગને અંતે પરમકૃપાળુદેવ, પોતાના અધવચ્ચે બાકી રહેલ પત્તા, જે બધા સાથે ગોઠવી એકઠાં કરી નાખેલ તે શોધી ત્વરાથી કાઢી આપેલ.

**૩. શતરંજ :** એક જણ સાથે આ રમત રમતાં જતા અન્ય અવધાન પ્રયોગો તો ચાલુ જ અને વળી ચોપાટ અને ગંજીફાની જેમ આ રમત અધવચ્ચે જ ઉઠાવી લેવામાં આવે છે, જે પરમકૃપાળુદેવે પ્રયોગને છેડે બધી જ કૂકરીઓ જ્યાં ત્યાં અટકેલી હતી તે મુજબ નવેસરથી ગોઠવી આપેલ હતી. શતરંજની રમતમાં તો બધા મળી સો કામો તો શું પણ સામાન્ય ખળભળાટ પણ રમનારને મંજૂર નથી હોતો કે જેથી એકાગ્રતાનો ભંગ થાય. એ તો જે આ રમત વિષે જાણે છે તેઓના અનુભવની વાત છે.

**૪. ઝાલરના ટકોરા, વાંસા પર ચણોઠી અને માળાના મણકા ગણતા જવું :** અન્ય અવધાનના કાર્ય કરતા કરતા એક વ્યક્તિ જે

ઝાલરના ટકોરા પાડી રહેલ તે ગણતા જવું અને સાથે વળી વાંસા પર પડતી ચણોઠી, જેનું વજન તદ્દન અલ્પ, ને તે પણ તે જમાનાની પ્રથા મુજબ પહેરેલ ડગલાં ઉપર વાંસે ફેંકવામાં આવે તે ઉપયોગમાં રાખી ગણ્યે જવું અને છેલ્લે સાચો જવાબ આપવો કે કેટલી ચણોઠી ફેંકનારે ફેંકી, કેટલા ઝાલરના ટકોરા વગાડ્યા અને માળાના કેટલા મણકા ફેરવાઈ રહ્યા ! રડાર જેવા મન-મસ્તકમાં તે વળી અવધારતા જવાનું -કંઈ પણ લખ્યા વગર !

**૫. સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર :** અન્ય કામોની સાથોસાથ આપેલ રકમો મનમાં અવધારીને - લખ્યા વગર - ફરી પૂછ્યા વગર, છેવટે પ્રયોગને અંતે મનમાં જ ગણતરી કરી તેના ખરા જવાબ આપતા હતા !

**૬. અન્ય કામો સાથે વિદ્યાર્થીને સમજાવવો.**

**૭. અમુક અલંકારોના વિચારો પૂછ્યા મુજબ રજૂ કરવા.**

**૮. આંખે પાટા બાંધી પુસ્તકો ઓળખી તેના નામ કહેવા :** અલગ અલગ કદના અને વજનના વિવિધ ભાષામાં લખાયેલા પુસ્તકો એકવાર અવલોકી પછી પ્રયોગના અંતે પોતાને આંખે પાટા બાંધેલ સ્થિતિમાં માત્ર પુસ્તકોને સ્પર્શમાત્રથી ઓળખી લઈ તેના નામ કહી બતાવવા તે અતીન્દ્રિય જ્ઞાનની વાનગી છે.

**૯. માંગેલા વિષયો પર માંગેલા વૃત્તમાં કાવ્યરચના :** વિવિધ વિષયો ઉપર માંગેલ છંદમાં કાવ્યરચના કરતા જવું અને તેની એકેક કડી બનાવી પ્રેક્ષકને કહેતા જવાનું અને સાથે શતાવધાનના અન્ય કાર્યો કરતા પ્રયોગને અંતે ફરી બધી કડીઓ પૂછનારને સાથે કહી સંભળાવવી અને તે પણ ૧૬ અલગ વ્યક્તિઓને તેઓને માંગેલ વિષયો પર !

વળી, આમાંના ઘણા પ્રશ્નો તો વ્યવહારમાં જાણે તુચ્છ ભાસે પણ તેનો પણ માર્મિક અને વૈરાગ્યસભર ખુલાસો કરવો, જેના એક-બે નમૂના નીચે મુજબ છે.

દા.ત. પ્રશ્ન - કાંકરો શું સૂચવે છે ? તેનો બાળ રાજે શીઘ્ર કાવ્યરચના કરી ઉત્તર વાળ્યો –

“એમ સૂચવે કાંકરો મન દગ ખોલી દેખ;
મનખા કેરા મુજ સમા, વિના ધર્મથી લેખ.”

વળી, અન્ય કોઈ પ્રેક્ષકે કર્મના ચમત્કાર વિષે ‘નારાચ છંદ’માં સમજાવવા સૂચવ્યું તેનો જવાબ –

“વડોદરે વસેલ આ સયાજીરાવ સાંભરે,
અધિપતિ નસીબની ગતિ વતી થયો અરે;
ધણી છતાં મલ્હારરાવ જેલમાં ગયા અરે,
ગતિ વિચિત્ર કર્મની તું હર્ષ શોક શું ધરે ?”

અન્ય શ્રોતાએ પૂછ્યું : ત્રણ દરવાજા વિષે ‘દોહરો’ રચો. તેના ઉત્તરમાં –

“ત્રણ દરવાજા ત્યાં કરી, કરી સૂચના આમ;
સ્વર્ગ, નર્ક ને મોક્ષ છે, જવા મનુષ્ય ત્રણ ઠામ.”

કોઈએ ‘ચોપાટને તિરસ્કાર’ વિષે ‘ભુજંગી છંદ’ માંગ્યો તેના ઉત્તરરૂપે ચોપાટ એ મહાભારત અને નળ-દમયંતી જીવનની કથાનું કેવું દૂષણ - મૂળ હતું તે સંબંધી આખો ઈતિહાસ ચાર કડીમાં ગોઠવી દીધો. તે પણ એકસોમાંના એક કાર્ય તરીકે - જાણે વિના આયાસે !

“કર્યું રાજ્ય તે ધર્મનું ધૂળધાણી,
વળી ફેરવ્યું કૌરવો શિર પાણી,
તજી તું પ્રતાપે નળે નિજ રાણી
હવે જોઈ ચોપાટ તારી કમાણી.”

આવા આવા એક બે નહીં, ૧૬-૧૬ નવા નવા વિષયો, માંગેલ વૃત્તોમાં આ અલૌકિક પુરુષ ૧૬ વર્ષ પહેલાની ઉંમરે અવધાન કરતી વેળાએ બોટાદમાં જ બતાવી ચૂક્યા હતા. જેનું તાદૃશ્ય વર્ણન વ.પત્રાંક-૧૮માં પરમકૃપાળુદેવે સ્વયં જ લખ્યું છે.

આ વિષયોમાં નળિયા વિષે, જાત વિષે, વાણિયા વિષે, નિઃસંતાન-વ્યંધયા વિષે, કોરા કાગળ વિષે, અંગ્રેજો અને ભારતીયો વિષે, ડાબલી વિષે, કૂકડા વિષે, પોતા વિષે, પોતાની જ્ઞાતિ વિષે, પોતાનું, પિતાનું અને અરે ! પૂછનારનું નામ પણ સાથે આવે એ મુજબ, માંગેલા છંદમાં રચી આપતા.

**૧૦. આઠ નવી સમસ્યાઓ શીઘ્ર કાવ્યરચના કરી પૂર્ણ કરવી :**

શ્રોતામાંથી ૮ અલગ અલગ વ્યક્તિઓને મનમાં ઉઠેલ, કે મનમાં નક્કી કરીને આવેલ હોય તે મુજબ કરેલ પ્રશ્નો કે જેના વિષયો પણ શ્રોતા નક્કી કરે તેના સમાધાનકારક ઉત્તર, કાવ્યમાં કેવા રોચક, માર્મિક અને વૈરાગ્યસભર હતા તે જોઈએ.

**૧. પ્રશ્ન :** 'ગરુડ પીઠે શિવજી બિરાજે' આ સમસ્યાપૂર્તિ તેનું કારણ સમજાવી પૂર્ણ કરો.

ઉત્તર : આ 'રાજ' જેને 'કોઈ વાંચન વાંચવું બાકી નથી રહ્યું' તે કાવ્યમાં ઉત્તર વાળે છે,

"પંખી સમૂહે બહુ કલેશ જામ્યો,
ગરુડનો ન્યાય અયોગ્ય લાગ્યો,
મહેશ તેડ્યા પછી ન્યાય કાજે,
ગરુડ પીઠે શિવજી બિરાજે."

**૨. પ્રશ્ન :** અમદાવાદમાં સંવત ૧૯૪૪ની સાલમાં શ્રી દલપતભાઈ ભગુભાઈને વંડે મુનિશ્રી શાંતિવિજયજીની હાજરીમાં અવધાન પ્રયોગ દરમ્યાન મુનિશ્રીની તરપણીની રસ્સી - દોરી વિષે કાવ્યરચના 'ભુજંગી' છંદમાં કરવા કહેવામાં આવ્યું. (મુનિશ્રી હાજર હતા.)

વીસ વર્ષના યુવા રાજ (માંહે વિરાટ) શીઘ્ર કાવ્ય રચે છે :

"રશી ભાગ્યશાળી તને શ્રેષ્ઠ કહેવી,
રહી શાંતિની તરપણીમાં સુસેવી,
અમે વંદીયે તે તને માન આપે
પછી વર્ણવું શું ? ભલી, કાવ્ય માપે."

૩. એક પ્રશ્ન એવા મતલબનો પૂછવામાં આવ્યો હતો કે એવી કવિતા બનાવવી કે જેમાં આજની સભાનું વર્ણન આવે તથા પોતાનું (પરમકૃપાળુદેવનું) નામ આવે. આ અવધાન વિષયક લંબાણપૂર્વકનો લેખ તારીખ ચોથી ડિસેમ્બર, ૧૮૮૬, મુંબઈ સમાચારના અંકમાં છપાયેલ હતો જે આજે પણ પુરાવારૂપે મોજૂદ છે. આ વખતે પરમકૃપાળુદેવની ઉંમર ૧૯ વર્ષની હતી. તેમાં તેઓએ જે કવિતા બનાવેલ તે નીચે મુજબ હતી.

(છંદ ભુજંગી)

"રહ્યા છો મહા જોગને જાળવીને
ભલો બોધ ભાખો તથાપિ ભવિને
નથી રાગ કે દ્વેષ કે માન કાંહી
વધુ શું વખાણે અહો 'રાય' આંહી ?"

આમાં પરમકૃપાળુદેવે પોતાની દશા કેવી છે ? - રાગ કે દ્વેષ કે માન નથી - એટલે કે વીતરાગી દશાના ધારક છે - તે પણ ૧૯ વર્ષની ઉંમરે ! તે મોઘમમાં કહી દીધું છે !!!

અને એટલે જ તો શતાવધાનની ચમત્કારિક સિદ્ધિ રજૂ કરી, દેશવિદેશમાં કીર્તિ ગાજી અને પરદેશ જવાનું આમંત્રણ પણ આવ્યું ! આ બધું આ બાળ રાજે સર્પ કાંચળી તજે તેમ તજી અને ગોપવી દીધું.

**૧૧. જુદી જુદી ૯ ભાષાના આડાઅવળા શબ્દોમાંથી વાક્ય બનાવવા :**

જુદા જુદા ગૃહસ્થોએ અલગ અલગ ભાષામાં સ્પેનિશ, અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ, લેટિન, ઝંદ, સંસ્કૃત અને બંગાળી અને નવમી વધારાની ફારસી ભાષાની માંગણી થતા તે પણ આ 'જ્ઞાનાવતાર' દ્વારા મંજૂર રખાતા એકંદરે નવ ભાષામાં અલગ અલગ વાક્ય કાગળના ટુકડા પર પૂછનારાઓએ લખી લીધા. તે

વાક્યના શબ્દો અવારનવાર, ગમે તેમ અનુક્રમ વગર એટલે કે આડાઅવળા કહેવામાં આવ્યા હતા. તે ક્યાંય લખ્યા વિના મનમાં જ અવધારતા જતા સાથે બે જુદા રાગની કવિતા વચમાં રચતા જતા. તે કાવ્યની પણ એકેક કડી જોડતા ગયા અને છેલ્લે નવે ભાષાના શબ્દો અનુક્રમ સાથે ગોઠવી કરી, વાક્ય બનાવી, કહી બતાવ્યા અને બંને કવિતાઓ પણ માગ્યા મુજબ કરી બતાવી. જેમાં પ્રેક્ષકની માંગણી મુજબ પોતાનું નામ અને સભાનું વર્ણન પણ સમાવી લીધેલ હતું. વળી, એક આશ્ચર્યજનક વાત એ બની કે અલગ અલગ ભાષાના શબ્દો આપનારામાંથી કોઈ પૂછતી વખતે ભૂલ ખાઈ જતું તો તેણે શબ્દો આપવામાં ભૂલ કરી છે તે આ બાળરાજ કહી દેતા અને પૂછનાર પોતાના આગળથી લખેલ કાગળમાં જોઈ પોતાની ભૂલ કબૂલ કરતા !

**૧૨. અદ્‌ભુત આત્મપ્રભાવ :** હવેના જે અવધાન પ્રયોગ છે તે હેરત પમાડે તેવા છે. સોળ ભાષાના અલગ અલગ કાવ્યો કે વાક્યો ૧૬ અલગ વ્યક્તિઓને વહેંચી આપવામાં આવેલ. ત્યારબાદ અવધાન પ્રયોગના અન્ય કામો કરતા કરતા વચ્ચે વચ્ચે અલગ ભાષાના ગદ્ય કે પદ્યમાંથી એકેકો અક્ષર તે પણ અનુક્રમ વગર, પૂછનારની મરજી મુજબ પરમકૃપાળુદેવને કાને મૂકવામાં આવતો હતો. તે ક્યાંય લખવાનો નહીં જ કે ન તો ફરી વાર તે બાબતે કંઈ પૂછવાનું !

તે આ મુજબ - પ્રથમ ત્રીજો અરબી ભાષાનો અક્ષર કહેવાય ત્યારબાદ ૧૭મો લૅટીનનો, પછી બીજો સંસ્કૃતનો અને ૪૧મો ઉર્દૂનો એ પ્રમાણે આડાઅવળા અક્ષરો એકંદરે ૧૬ ભાષાના અપાયા હતા અને આ સાથે અન્ય અવધાન પ્રયોગના કાર્યોમાં પણ પૂરો ઉપયોગ દેવાનો અને છેવટે પ્રયોગને અંતે પરમકૃપાળુદેવે બધી જ ભાષાના અક્ષરોને પદ્ય અને ગદ્ય, જે પૂછનારે પૂછ્યું હોય તે, જે તે ભાષામાં મન-મગજમાં ગોઠવી અને સડસડાટ કહી બતાવતા પ્રેષકો મંત્રમુગ્ધ બની ચૂક્યા. આપણે આ વાંચીએ ત્યારે પણ મગજને તે સમજવા કેટલા સજાગ રહેવું પડે ! તો જ્યારે તે બન્યું ત્યારનો અનુભવ માત્ર અનુભવગોચર જ ! सो गूंगा गुड खाई के, कहे कौन मुख बात ? મૂંગો ગોળ ખાય, ગળપણ અનુભવે પણ ખરો, પણ વર્ણન કેમ કરે ? શું કરે ? શબ્દો ક્યાં ?

આ તો અધધધ। ... અલૌકિક દૈવી શક્તિ, માનુષી શક્તિ નહીં જ ને !!!

આ સોળ ભાષાના નામો નોંધાયેલ છે તે આ મુજબ — ૧. સંસ્કૃત, ૨. ગુજરાતી, ૩. મરાઠી, ૪. હિન્દી, ૫. અંગ્રેજી, ૬. પંજાબી, ૭. કર્ણાટકી, ૮. બંગાળી, ૯. મારવાડી, ૧૦. ગ્રીક, ૧૧. ઉર્દુ, ૧૨. જાડેજી, ૧૩. આરબી, ૧૪. ફારસી, ૧૫. દ્રાવિડી, ૧૬. સિંધી.

નીચે કોઠામાં (કોઠો-૧) બતાવ્યા મુજબ -

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| स्ति | क्त | ष्णा | स्व | स्व | र्ग | स्ति | क्त | तू | क्ष | ब |
| ब | द्धो | ही | को | यो | वि | ष | या | नु | रा | गि |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| हि | वि | यो | वि | वा | को | ष | नु | र | रो | को |
| को | वा | वि | मु | क्त | वि | ष | य | वि | र | क्तः। |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 | 32 | 33 |
| घो | या | को | मु | ष | गी | कः | रा | वा | वि | प |
| को | वा | स्ति | घो | रो | न | र | कः | स्व | दे | हः |
| 34 | 35 | 36 | 37 | 38 | 39 | 40 | 41 | 42 | 43 | 44 |
| म | कि | यः | दं | द्वौ | ये | वि | न | हः | र | दे |
| तू | ष्णा | क्ष | यः | स्व | र्ग | प | दं | कि | म | स्ति।। |

**(કોઠો - ૧)**

સંસ્કૃતનો એક અક્ષર પહેલો પછી બીજી ભાષાના અક્ષરો લીધા. બાદ ફરી સંસ્કૃતનો પચાસમો વળી ફરી વારો આવે ત્યારે સંસ્કૃતનો ૩૯મો. આ પ્રમાણે આડાઅવળા તો ખરા, વળી, અન્ય ભાષાના અક્ષરો પોતે નથી જાણતા તે ૧૬ ભાષાના અક્ષરો ભલે અપાયા આડાઅવળા-વિલોમ રૂપ પણ તે મટાડી ખરા રૂપમાં મૂક્યા !!! અને શતાવધાનના અન્ય કાર્યો સાથે અટવાયેલા અપાય તે શ્લોકબદ્ધ કરી પ્રયોગને અંતે સહજ સરળતાથી કહી બતાવવું. બધા જ ૧૬-૧૬ ભાષામાં પૂછનારને તે કયા જ્ઞાનથી શક્ય બને ? એ વાંચનાર સ્વયં જ નક્કી કરે !!!

આપણે વર્ષોથી ૨૦ દોહા, યમનિયમ કે આત્મસિદ્ધિ નિત્યક્રમમાં કરતા હોઈએ અને પછી કોઈ ૩જી લીટી યમનિયમની, પાંચમી ૨૦ દોહાની અને ૧૦૯મી આત્મસિદ્ધિની એકી સાથે ગાઈ બતાવવા કહે તો કેટલું વિચારવું પડે ? આ તો આખી લીટી જે વર્ષોથી રટતા હોઈએ તેની વાત, તો આ તો નહીં ભણેલી, નહીં સાંભળેલી ભાષાના વિકૃત અક્ષરો (વાક્ય કે કડી તો નહીં, શબ્દ પણ નહીં) અને પાછા વિષયો શ્રોતાની મરજી મુજબના, તે વાક્ય-બદ્ધ કે શ્લોક-બદ્ધ કરી આપવા તે પણ બીજા ૯૯ કામો કરતા કરતા તે ફક્ત પ્રશ્ન તરીકે પણ સમજાય કે આ શું ? અને કેમ કર્યું ? તો પણ એક સિદ્ધિ. જેમ બે સૂર્ય એકી સાથે આકાશમાં ન ઊગે, કે બે ચંદ્રમા એકી સાથે ન દેખાય તેમ આ અલૌકિક પદના ધારકને કોની સાથે સરખાવી શકાય ?

"ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ...
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે."

**૧૩. .... અને છેલ્લે દેરાસરના કળશ મુજબ !!!**

આ અવધાન પ્રયોગ દરમ્યાન બે જણ, પોતાની ઈચ્છા મુજબના છંદમાં કાવ્યરચના કરવા કહે, બે તદ્દન અલગ વિષયો પર અને તે કાવ્યના આડાઅવળા અક્ષરો અનુક્રમવિહીન માંગે. આ રચના કરતા સાથે શતાવધાનના અન્ય કાર્યો કર્યે જવાના.

આ પ્રયોગમાં કોષ્ટકમાં બતાવ્યા (કોઠો-૨) મુજબ પહેલો ૪૬મો અક્ષર મંગાયો હતો. તે આ ઓગણીશ વર્ષના ગામડાની નિશાળમાં ચાર ચોપડી ભણેલા પણ પૂર્વેનું અખૂટ, અમાપ જ્ઞાન લઈ અવતરેલ... 'પ્રભુ પૂર્વ કમાણી બહુ લાવ્યા'... તેઓએ 'ળ' આપ્યો પછી પાછો પૂછનારનો પોતાનો વારો આવે ત્યારે બીજો ૧૯મોં અક્ષર માંગ્યો, તેઓએ 'મ' આપ્યો, ત્યારબાદ પાછો પોતાનો વારો આવે ત્યારે ૩૧મોં અક્ષર માંગ્યો તે 'ડ' આપ્યો. તે મુજબ અલગ અલગ આડાઅવળા ક્રમાંકના અક્ષર મંગાયા મુજબ

(અનુસંધાન પાના નં. ૨૭ પર...)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 ભ 1 | 16 લી 2 | 32 કાં 3 | 45 નિ 4 | 8 સા 5 | 19 સા 6 | 36 ધ 7 | 34 રે 8 | 11 તું 9 | 23 ક 10 | 21 વિ 11 | 20 તા 12 |
| 10 પ 13 | 18 ડી 14 | 31 શો 15 | 7 ક 16 | 44 માં 17 | 27 કે 18 | 2 મ 19 | 37 તું 20 | 35 કા 21 | 12 વ્ય 22 | 40 ગી 23 | 38 તા? 24 |
| 28 હ 25 | 26 વે 26 | 30 જો 27 | 15 મ 28 | 16 ને 29 | 43 જો 30 | 3 ડ 31 | 42 તાં 32 | 13 હ 33 | 46 ર્ષ 34 | 22 દે 35 | 47 જે 36 |
| 9 કૃ 37 | 17 પા 38 | 48 તું 39 | 25 ક 40 | 29 રી 41 | 5 મુ 42 | 4 જ 43 | 41 સં 44 | 14 ભા 45 | 1 ળ 46 | 39 લે 47 | 24 જે. 48 |

**(કોઠો - ૨)**

# સમાજ-સંસ્થા દર્શન

## ડિસેમ્બર માસમાં આધ્યાત્મિક શિબિરનું આયોજન

સંસ્થા દ્વારા પૂજ્યશ્રીના જન્મમંગલદિન નિમિત્તે તા. ૧-૧૨-૨૦૧૭થી તા. ૩-૧૨-૨૦૧૭(શુક્રવારથી રવિવાર) ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા બા. બ્ર. આદ. શ્રી સુરેશજીના સ્વાધ્યાય યોજાશે. તા. ૨-૧૨-૨૦૧૭ના રાત્રે આદ. શ્રી જય અશોકભાઈ શાહની ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજાશે. આત્મકલ્યાણ અર્થે પધારવા સૌને હાર્દિક નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી.

## સંસ્થામાં ત્રિદિવસીય યુવા ઉત્કર્ષ શિબિરનું આયોજન

યુવા પેઢીનું સુયોગ્ય ઘડતર થાય, તેમનામાં સુસંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી સંસ્થામાં તા. ૨૪-૧૨-૨૦૧૭થી તા. ૨૬-૧૨-૨૦૧૭ (રવિથી મંગળ) દરમ્યાન યુવાશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ૧૫ થી ૪૫ વર્ષની વયના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. શિબિરશુલ્ક રૂ. ૩૦૦/- રાખવામાં આવેલ છે. શિબિર દરમિયાન સ્વામી શ્રુતપ્રજ્ઞજી તથા બા. બ્ર. આદ. શ્રી સુરેશજીના સ્વાધ્યાય ઉપરાંત ભક્તિસંગીત, યોગ-પ્રાણાયામ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ધ્યાન, ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાપેઢીને આ શિબિરમાં ભાગ લેવા પ્રેરણા અને પ્રોત્સાહન આપવા વિનંતી છે. શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક ભાઈ-બહેનોને સંસ્થાના કાર્યાલયમાં પોતાના નામ નોંધાવવા વિનંતી છે. શિબિરમાં મોડામાં મોડા તા. ૨૪-૧૨-૨૦૧૭ના રોજ સવારના ૮.૦૦ વાગ્યા સુધીમાં પહોંચવાનું રહેશે. સંપર્કસૂત્ર : (૧) બા. બ્ર. જનકબેન - ૯૪૨૭૬૭૯૭૬૮, (૨) આદ. કપિલભાઈ - ૯૪૨૭૩૦૬૪૭૩.

## સંસ્થા આયોજિત બોડી પ્રોફાઈલ (પેથોલોજી) તપાસ કેમ્પ

આપણી સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે તા. ૩-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાક દરમિયાન રાહત દરે બોડી પ્રોફાઈલ (પેથોલોજી) કેમ્પનું આયોજન કરેલ છે.

આ સમય દરમિયાન રૂ. ૩૦૦/-ના રાહત દરે (લેબોરેટરી) તપાસ Pathological Diagnostic Profile કરવામાં આવશે. સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં જેનો ચાર્જ આશરે રૂ. ૪૦૦૦/-ની નજીક થાય છે.

આ તપાસમાં નીચેના ટેસ્ટ આવરી લેવામાં આવ્યા છે :

CBC (કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ), Urine, SGPT (લીવર માટે), Creatinine (કીડની માટે), TSH (થાઈરોઈડ માટે), B12, Vitamin D3, RBS (ડાયાબિટીસ માટે), Lipid Profile (કોલેસ્ટ્રોલ માટે), Uric Acid (વા માટે).

આ ટેસ્ટના રીપોર્ટ ૩ દિવસ પછી સંસ્થામાં આવી જશે, જે મેડિકલ સેન્ટરના સમય દરમિયાન લેવાના રહેશે. (સોમવારથી શનિવાર બપોરે ૩.૩૦ થી ૫.૦૦)

આ કેમ્પ માટે આર્થિક સહયોગ **શ્રીમતી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર (રાજકોટ)** તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

## શાશ્વતી ચૈત્રી આયંબિલની ઓળી

આ વર્ષે ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળી (ચૈત્ર સુદ સાતમથી પૂનમ, ૨૭-૯-૨૦૧૭થી ૫-૧૦-૨૦૧૭) દરમ્યાન સંસ્થાના નીચેના મુમુક્ષુઓએ ૯ દિવસની આખી ઓળી કરેલ : મહેન્દ્રભાઈ ખંધાર, રમણભાઈ શાહ, રીટાબેન મહેતા અને કિરણબેન શાહ. પૂજ્ય શ્રી આત્માનંદજીના વરદ હસ્તે તેમના ૬ ઑક્ટોબરે પારણા કરાવવામાં આવ્યા. કોબા પરિવાર આ તપની અનુમોદના કરે છે અને તપસ્વીઓને અભિનંદન પાઠવે છે.

## સંસ્થા પ્રકાશિત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન પુસ્તકનું વિમોચન

આપણી સંસ્થામાં શ્રી રાજમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ વખતે (૧૨-૨-૨૦૧૨) આદ. બા. બ્ર. અલકાબેને મૌલિક રીતે રચેલ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન પુસ્તકની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું હતું. ત્યારબાદ તેની બીજી આવૃત્તિમાં આત્મસિદ્ધિ શાસ્ત્રની સ્તુતિ, જયમાલા અને પરમકૃપાળુદેવની આરતી ઉમેરીને સુધારા-વધારા સાથેની બીજી આવૃત્તિનું વિમોચન પૂ. શ્રી આત્માનંદજીના વરદ હસ્તે આત્મસિદ્ધિના ૧૨૨મા રચનાદિન આસો વદી એકમ ૨૦૭૩ (૬-૧૦-૨૦૧૭)ના દિવસે થયું. આદ.શ્રી મહેન્દ્રભાઈ ખંધારે બીજી આવૃત્તિ વિષે સવિસ્તર માહિતી આપીને પૂજા-વિધાનના રચયિતા આદ. અલકાબેન તથા બીજી આવૃત્તિમાં ખૂબ સેવા આપનાર આદ. શ્રી કપિલભાઈ તથા બા. બ્ર. જનકબેનનો આભાર વ્યક્ત કર્યો.

## સંસ્થામાં ‘પ્રોજેક્ટ ભાસ્કર’ અંતર્ગત સોલાર ઇલેક્ટ્રીક પાવર પ્લાન્ટનું આયોજન અને ઉદ્‌ઘાટન

ગુજરાત ઈલે. બૉર્ડ દ્વારા અપાતી વીજળીના ઉત્પાદનમાં મર્યાદિત કુદરતી બળતણ (કોલસો, ઑઈલ, ગેસ) તથા પ્રદૂષણ (રજકણો અને કાર્બન ડાયોક્સાઈડ)ની લાંબાગાળાની સમસ્યાઓ છે. તેથી ભારત સરકારે વૈકલ્પિક અમર્યાદિત કુદરતી શક્તિ-સ્ત્રોત (સોલાર, પવન, સમુદ્રમાં ભરતી-મોજા વગેરે) માટે ઉત્પાદકોના સહકાર સાથે આર્થિક અને કાયદાકીય અનેક યોજનાઓ જાહેર કરેલ છે. તે અંતર્ગત Abellon Clean Energy (Solar) અને ગુજરાત સરકારના સહકારથી કોબા આશ્રમમાં ૪ સોલાર પ્લાન્ટ વિવિધ મકાનોની અગાસી પર નાખવામાં આવેલ છે. કોબા આશ્રમનો સરેરાશ વાર્ષિક વીજ વપરાશ ૧.૫ લાખ યુનીટ છે. ૨૩૪ સોલાર પેનલના ૭૦ kw નો આ પ્રોજેક્ટ આશ્રમના વીજ વપરાશના ૭૫ % (વાર્ષિક ૧,૧૫,૦૦૦ યુનીટ) પૂરા પાડશે. પરિણામે દર વર્ષે ૧ લાખ કિલો કોલસો બચશે અને પર્યાવરણમાં ૯૬,૦૦૦ કિલો કાર્બનડાયોક્સાઈડ ઘટશે.

ઔદ્યોગિક કંપનીઓ, સરકારશ્રી અને કોબા આશ્રમના ટ્રસ્ટીઓના સમજણપૂર્વકના સહકારથી આ પ્રોજેક્ટ ૩ માસના અત્યંત ટૂંકા ગાળામાં સફળતાપૂર્વક પૂરો થયો. આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે તેમાં

રૂફટોપ સોલાર પેનલ્સ ત્રણ પ્રકારે (સીંગલ - એક્ષીસ, ડબલ એક્ષીસ અને ટીલ્ટેડ-એક્ષીસ) ઓટોમેટીકલી સૂર્યપ્રકાશની દિશા મુજબ (ઋતુ મુજબ અને દિવસના ૧૨ કલાક દરમ્યાન) વધુમાં વધુ ક્ષમતા સાથે વીજ ઉત્પાદન કરશે. તેથી આ સોલાર પ્લાન્ટ એજ્યુકેશન અને રીસર્ચ ડેવલપમેન્ટ (ERD) માટે એક આદર્શ નમૂનો બની રહેશે. ગુજરાત કે ભારતમાં અન્ય કોઈ આશ્રમોમાં આ પ્રકારનો સોલાર પ્લાન્ટ હોવાનું જાણમાં નથી.

૧૫મી ઑક્ટોબરે રવિવારે સવારે આ સોલાર પ્લાન્ટનું મંગલ ઉદ્‌ઘાટન ગુજરાત સરકારના ભૂતપૂર્વ મુખ્ય સચિવ અને સદ્‌વિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લહેરી (પી. કે. લહેરી)ના વરદ્ હસ્તે થયું. પૂજ્યશ્રી આત્માનંદજીના આશીર્વાદથી પ્લાન્ટ અને પ્રસંગ સાનંદ સંપન્ન થયા. આ પ્રસંગે Abellon Clean Energy કંપનીના બોર્ડ મેમ્બર શ્રી પંકજ પટેલ, Abellonના ચેરમેન શ્રી આદિત્ય હાંડા, કંપનીના કાર્યકારી મેનેજરો તથા સ્ટાફ વગેરે સપરિવાર ઉપસ્થિત હતા. અગત્યના સરકારી કામકાજને લીધે ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશ્નર શ્રી ડી.એન. મોદી આવી શક્યા નહોતા. કોબા આશ્રમના સ્થાપક અધિષ્ઠાતા પૂ. શ્રી આત્માનંદજી ઉપરાંત સંસ્થાના પ્રવર્તમાન અને ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ પૂ. ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી, પ્રમુખશ્રી નીતિનભાઈ પારેખ, શ્રી પ્રકાશભાઇ એચ. શાહ, ડૉ. શ્રી રાજેશભાઈ સોનેજી, શ્રી મનહરભાઈ જસવાણી, સહસંયોજક શ્રી શરદભાઈ જસવાણી, મુમુક્ષુઓ અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. ડૉ. રાજેશભાઈએ આ પ્રોજેક્ટ વિષે, શ્રી પંકજભાઈએ સોલાર પ્લાન્ટની ટેકનીકલ મેટર વિષે, શ્રી આદિત્યભાઈએ પ્રદૂષણ વિષે, પી. કે. લહેરી સાહેબે પ્રોજેક્ટની સામાજિક તથા આર્થિક જરૂરિયાત વિષે, શ્રી પ્રકાશભાઈ એચ. શાહે પ્રોજેક્ટની પ્રગતિ, સહકાર, સફળતા વિષે માહિતી આપી. પૂ. શર્મિષ્ઠાબેને આભારવિધિ કરીને પ્રોજેક્ટના ઉદ્‌ગમથી ઉદ્‌ઘાટનમાં ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈનો સિંહફાળો હોવાથી તેમનો વિશેષ આભાર માન્યો. પૂ. શ્રી આત્માનંદજીના શુભાશીર્વાદથી પ્રસંગની પૂર્ણાહુતિ થઈ. પૂજ્યશ્રીના હસ્તે સંસ્થાની શુભેચ્છાના પ્રતીક રૂપે પરમકૃપાળુદેવની મૂર્તિઓ પધારેલા મહાનુભાવોને અર્પણ કરવામાં આવી.

## શ્રી આત્મસિદ્ધિ રચનાદિનની ઉજવણી

આસો વદ એકમ એટલે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો રચનાદિવસ અને પૂજ્ય લઘુરાજસ્વામીજીનો જન્મમંગલદિન.

આ દિવસે સંસ્થામાં વંદના સહ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ કરવામાં આવ્યું. બા.બ્ર.અલકાબેને રચેલ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા કરવામાં આવી. પૂજ્યશ્રી આત્માનંદજીએ આ પ્રસંગે આશીર્વચન આપ્યાં હતાં. ત્યારબાદ પરમકૃપાળુદેવની આરતી કરવામાં આવી. પૂજ્ય લઘુરાજસ્વામીજીના જન્મદિન નિમિત્તે તેઓના જીવનચરિત્રને આલેખતાં ભક્તિપદો લેવામાં આવ્યા હતા.

## રાજપરિવાર દ્વારા અમદાવાદમાં યોજાયેલી ડો. કુમારપાળ દેસાઈની શ્રીમદ્ રાજચંદ્ર કથા

તારીખ અને સમય : ૧૮ નવેમ્બર, ૨૫ નવેમ્બર, ૨૦૧૭ (શનિવાર) રાત્રે ૮-૦૦ કલાકે
૧૯ નવેમ્બર, ૨૬ નવેમ્બર, ૨૦૧૭ (રવિવાર) સવારે ૯-૪૫ કલાકે

સ્થળ : ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ, એચ. કે. આર્ટસ્ કૉલેજ કેમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ

## શ્રી દીપાવલી આરાધના શિબિર સાનંદ સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં તા. ૧૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ દરમિયાન દીપાવલી આરાધના શિબિર ધર્મોત્સાહસભર વાતાવરણમાં સંપન્ન થઈ. શિબિરનો શુભારંભ મહાનુભાવોના દીપ-પ્રાગટ્યથી થયો. શિબિરનું સુંદર અને સફળ સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુ ભાઈ શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

**સ્વાધ્યાય : પૂજ્યશ્રી આત્માનંદજી**ના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે યોજાયા હતા. નૂતનવર્ષના મંગળ પ્રભાતે પૂજ્યશ્રીએ હિતશિક્ષા આપતા જણાવ્યું કે આપણા આયુષ્યમાંથી આજે એક વર્ષ ઓછું થયું તેવી જાગૃતિ રાખીને જીવન જીવવાનું છે. સત્શાસ્ત્રોનો યથાપદવી ઉપયોગ કરી જીવનને પવિત્ર બનાવવું જોઈએ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. દુર્લભ માનવભવની પ્રત્યેક અમૂલ્ય પળનો સદુપયોગ કરીએ તો આપણી જીત છે. જેટલું જીવન બાકી રહ્યું છે તેમાં જીવનસુધારણા કરવી. સૌ પ્રથમ સત્‌દેવ-ગુરુ-ધર્મનું અવલંબન લેવાનું છે, પરંતુ લક્ષ પરમપદની પ્રાપ્તિનું રાખવાનું છે.

આચાર્ય તુલસીના વરદ હસ્તે સમણદીક્ષા અંગીકાર કરનાર, દેશ-વિદેશોમાં સંસ્કારશિબિરો અને ધ્યાનશિબિરો દ્વારા લોકોમાં જાગૃતિ લાવનાર, પીસ ઑફ માઈન્ડ ફાઉન્ડેશન, રાજકોટના પ્રણેતા, અનેક પુસ્તકોનું સર્જન કરનારા **શ્રુતપ્રજ્ઞસ્વામીજી** 'આનંદનું ઉપનિષદ' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ઉપનિષદ એટલે પોતાની નિકટ બેસવું. ભીતરમાં જવાનો પ્રયાસ કરનારને આનંદની પ્રાપ્તિ થાય છે. કૃપાળુદેવના દરેક શબ્દ આત્મજ્ઞાનમાંથી નીકળેલા મોતી છે. જીવમાત્રનું લક્ષ્ય આનંદની પ્રાપ્તિનું છે. **ચાર પ્રકારના માનવી હોય છે :** (૧) શરીરકેન્દ્રિત જીવન જીવનાર (સગવડપ્રિય), (૨) મનકેન્દ્રિત જીવન જીવનાર (સુખપ્રિય), (૩) ચિત્તકેન્દ્રિત જીવન જીવનાર (સંતોષપ્રિય), (૪) આત્મકેન્દ્રિત જીવન જીવનાર (આનંદપ્રિય). સમ્યગ્‌દર્શન ન થાય ત્યાં સુધી સાચા આનંદની પ્રાપ્તિ થતી નથી. આનંદનો સંબંધ સ્વસાપેક્ષ છે. **પ્રમાદને છોડવાની બે ચાવી :** (૧) સંસારના અનંત પરિભ્રમણનો વિચાર કરો (૨) મૃત્યુને સદા આંખ સમક્ષ રાખો. **પાંચ પ્રકારના માણસો :** (૧) જે જિંદગીમાં હંમેશાં પડે (૨) બીજાને નડે, (૩) બીજાને કનડે, (૪) જે ચઢે (વિકાસ કરે) (૫) માત્ર ચઢે નહિ, બીજાને ચઢાવે. પૂર્વ સંસ્કારોને તોડવા સત્સંગ કરવો. પ્રમાદ અને મોહને તોડવા સમયનો સદુપયોગ કરવો અને તત્ત્વનિર્ણય કરવો. ચિત્ત જ્યારે ઉપયોગના ઊંડાણમાં ભળી જાય ત્યારે ચેતના બની જાય. કષાય વધારે તેટલું મન વધારે ચંચળ. મુમુક્ષુતા એટલે (જન્મ-જરા-મરણથી) છૂટવાની ઇચ્છા. મુમુક્ષુતાના અભાવે વ્યક્તિનું ધ્યાન વૃત્તિ બદલવાને બદલે પ્રવૃત્તિ બદલવા પર હોય, લોકોની જૂઠી પ્રશંસાનો ભોગ બને અને અપક્ષપાતપણે પોતાના દોષો ન જુએ. **આનંદમાં રહેવાની રેસીપી :** (૧) સરળતા અને નિર્દોષતા રાખો, (૨) સ્માઈલ આપો, આભાર માનતા શીખો, (૩) અહંકારથી મુક્ત બનો, (૪) અત્યંત ગમતા કામ માટે સમય ફાળવો, (૫) જિંદગીમાં અકારણ ખુશ રહેવાની આદત પાડો, (૬) નેગેટિવ ઘટનાઓને સ્વીકારતા શીખો, (૭) બીજાની ભૂલોને ઉદારતાથી ક્ષમા આપો. **આનંદનો પરિવાર :** આનંદનો પિતા આત્મજ્ઞાન, માતા શાંતિ, મિત્ર સુખ, શત્રુ પ્રમાદ અને મોહ, ભાઈ સ્મિત, બહેન સેવા અને પત્ની પ્રસન્નતા છે.

**બા. બ્ર. આદ. શ્રી સુરેશજી**એ 'આત્માર્થી લક્ષણ' અંતર્ગત સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જેને પોતાના આત્મકલ્યાણનું પ્રયોજન છે તે આત્માર્થી. ભક્તિ તે ભાવોની વિશુદ્ધિ કરવાનું ઉત્તમ સાધન છે. દૃષ્ટિ

આગમથી પ્રાપ્ત થાય છે, જ્યારે ચારિત્રદશા આવતા વાર લાગે છે. સત્‌દેવ-ગુરુ-ધર્મની દૃઢ શ્રદ્ધા કરવી. મોક્ષમાર્ગની શરૂઆત સમ્યગ્‌દર્શનથી થાય છે. સર્વ ગુણાંશ તે સમ્યકત્વ. ન્યાય, નીતિ, પ્રામાણિકતા, શિસ્ત જેવા ગુણો ન હોય તો આત્મજ્ઞાનની ભૂમિકા પણ બંધાઈ નથી. આત્મજ્ઞાન + ચારિત્રદશા = સદ્‌ગુરુ. માથે ગુરુ ન હોય તો જીવનમાં સ્વચ્છંદતા આવે. જેના ચિંતનથી અપૂર્વ ભાવ જાગે તેનું નામ અપૂર્વ વાણી. સદ્‌ગુરુની ક્રિયામાં અહિંસા, પરિણામમાં શાંતિ અને અભિપ્રાયમાં વીતરાગતા હોય છે. મૌનના અભ્યાસથી વૃત્તિ અંતર્મુખ બને છે.

**મંત્રજાપનો કાર્યક્રમ :** પર્વ દરમિયાન ૪૭ ઘાતીકર્મોનો નાશ થાય તેવી ભાવનાથી નીચેના મંત્રજાપની ૪૭ માળાઓનો કાર્યક્રમ યોજાયો : (૧) સહજાત્મસ્વરૂપ પરમગુરુ, (૨) આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે, (૩) પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ, (૪) મમ સદ્‌ગુરુ ચરણ સદા શરણં, (૫) સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.

**યોગ અને ધ્યાન :** શ્રુતપ્રજ્ઞસ્વામીજીએ શિબિર દરમ્યાન યોગાસન અને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો.

**પ્રકીર્ણ :** દીપાવલીના શુભ દિને ભગવાનને નિર્વાણલાડુ ચઢાવવામાં આવ્યા હતા. આદ. શ્રી નીતાબેન અનુપમભાઈ શાહ તરફથી બુંદીના લાડુની પ્રભાવના તથા આદ. શ્રી ઇન્દિરાબેન ઝવેરી તરફથી સાકરની પ્રભાવના કરવામાં આવી. સંસ્થાના પ્રકાશનો ડી.વી.ડી. વગેરે પર ૫૦ % ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## પરમકૃપાળુદેવની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

પરમકૃપાળુ શ્રીમદ્‌ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સંસ્થામાં આદ. બા.બ્ર. સુરેશજીએ ત્રિદિવસીય સ્વાધ્યાયશ્રેણીમાં પરમકૃપાળુદેવે વચનામૃતજીમાં સત્ય, અહિંસા, સરળતા વગેરે ગુણો વિષે પ્રતિપાદન કરેલ છે તેની સુંદર સમજૂતી આપી અને આ અંગેના પરમકૃપાળુદેવના જીવનના વિવિધ પ્રસંગો અંગે ધર્મવાર્તા કરી. રાત્રે પરમકૃપાળુદેવ વિરચિત ભક્તિપદોનું સૌએ પારાયણ કર્યું.

તા. ૪-૧૧-૨૦૧૭ના રોજ સવારે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા અને સંસ્થાના રાજમંદિરમાં પરમકૃપાળુદેવના દર્શન, ધૂન તથા ભક્તિના કાર્યક્રમમાં સૌ ભાવોલ્લાસથી જોડાયા. આદ. પ્રજ્ઞાવંત શ્રી પ્રવીણભાઈ મહેતાએ શ્રી વચનામૃતજીના આધારે સત્સંગનું માહાત્મ્ય, સત્સંગની ઉપાસના, સત્સંગનું ફળ વગેરે બાબતો તેઓએ પોતાની આગવી, સરળ છતાં સચોટ શૈલીમાં પ્રસ્તુત કરી. પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે મહાપુરુષોના ગુણાનુરાગી બનવું. પરમકૃપાળુદેવને તેમના ગુણોથી ઓળખવાં. મહાપુરુષોના જીવનચરિત્રનું સ્મરણ કરવું. ભાવપૂર્વક પરમકૃપાળુદેવની આરતી બાદ રાત્રે ભક્તિસંગીત કાર્યક્રમ અંતર્ગત મુમુક્ષુ ભાઈ-બહેનોએ પરમકૃપાળુદેવની ભાવવાહી ભક્તિ કરી હતી.

## શ્રી મોક્ષમાળા પ્રતિયોગિતા અને વિવિધ બહુમાન

પ.કૃ. દેવની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત શ્રીમદ્‌ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહારભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર)ના પ્રમુખ શ્રી અરવિંદભાઈ પી. શાહની પ્રેરણાથી અને ટ્રસ્ટીઓના સહયોગથી પાલડી જ્ઞાનમંદિરે મોક્ષમાળાનું અભિયાન રાખેલ. પ.કૃ. દેવની અમરકૃતિ આત્મસિદ્ધિશાસ્ત્ર

અને ૯૫૦ જેટલા પત્રો તો ખૂબ જાણીતા છે જ, પરંતુ કિશોરવયમાં (૧૬ વર્ષ, ૫ માસ) રચેલ ૧૦૮ પાઠની **'મોક્ષમાળા'** (તથા **'ભાવનાબોધ'**) એટલી બધી પ્રચલિત અને લોકભોગ્ય નહીં બનવાથી તે અદ્‌ભુત કૃતિનો આત્મકલ્યાણ અને બહુજનહિતાર્થે યથાર્થ લાભ લેવાયો નથી. તેથી પાલડી જ્ઞાનમંદિરે મોક્ષમાળાની પ્રતિયોગિતાનું આયોજન બે ભાગમાં કરેલ. પ્રથમ પરીક્ષા ઓપન બુક, ઘરે બેઠા, ૩ માસમાં આપવાની હતી. તેમાં દેશ-વિદેશના ૧૮૯૦ મુમુક્ષુઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રથમ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પહેલા ૫૦ મુમુક્ષુઓને બીજી પરીક્ષા બંધ બુક, પાલડી જ્ઞાનમંદિરમાં, ૩ કલાકમાં (૭ ઑક્ટોબર શનિવાર સવારે) આપવાની હતી. શનિવારે સાંજે પ્રથમ ૫૦ મુમુક્ષુઓને પ્રશસ્તિપત્ર અને પારિતોષિકો પૂ. રાકેશભાઈના વરદ હસ્તે અપાયા. પૂ. રાકેશભાઈ દ્વારા દેશ-વિદેશમાં **'મહાત્માના મહાત્મા - યુગપુરુષ રાજચંદ્ર'** નાટકની પ્રેરણા, આયોજન, પ્રચાર-પ્રસાર કરીને તેના ૧૦૦૦થી વધુ શૉ ભારતમાં અને પરદેશમાં ઘણી ભાષામાં ભજવાયા. તેમાં પ.કૃ. દેવ અને મહાત્મા ગાંધીજીનો આધ્યાત્મિક સંબંધ, મોહનદાસ ગાંધીમાંથી ઘડાયેલ વિશ્વમાનવ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ભારતની અહિંસક સ્વાતંત્ર્ય લડતમાં પ.કૃ. દેવનો અતિ મહત્વનો પાયાનો ફાળો, પ. કૃ. દેવની આધ્યાત્મિક અસ્મિતા અને યુગપુરુષ તરીકેની ખ્યાતિ વગેરે અત્યંત પ્રશંસનીય છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ.કૃ. દેવની ટપાલ ટિકિટ - સ્મૃતિ સિક્કાનું અનાવરણ ગાંધીઆશ્રમ, અમદાવાદ મુકામે થયું તે ખૂબ મહત્વનો ઐતિહાસિક બનાવ હતો. આ સર્વ સિદ્ધિ માટે પાલડી જ્ઞાનમંદિરના ટ્રસ્ટ દ્વારા પૂ. રાકેશભાઈનું અભિવાદન (પ્રશસ્તિપત્ર સાથે) પૂ.શ્રી આત્માનંદજી દ્વારા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હાજરીમાં કરવામાં આવ્યું. રાત્રે 'મોક્ષમાળા'ના પાંચ શિક્ષાપાઠ આધારિત સુંદર ડ્રામા હતો.

રવિવારે (૮ ઑક્ટો.) સવારે 'મોક્ષમાળા'ની બીજી પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર મીનાબેન ધીરેનભાઈ શાહ અને પૂર્વીબેન હિમાંશુભાઈ સંઘવી સહિત પ્રથમ પાંચ આવનાર પરીક્ષાર્થીઓનું બહુમાન અને પારિતોષિક અર્પણ થયા. પ્રતિયોગિતામાં પ્રથમ પાંચ ક્રમાંક પ્રાપ્ત કરનારાના નામ આ મુજબ છે : (૧) મીનાબેન ધીરેનભાઈ શાહ, ઘાટકોપર - ૯૩ ગુણ, (૧) પૂર્વીબેન હિમાંશુભાઈ સંઘવી, રાજકોટ - ૯૩ ગુણ, (૩) આત્માર્પિત સોનલબેન, ધરમપુર - ૯૧.૩ ગુણ, (૪) અમીબેન દોશી, મુંબઈ - ૮૮.૭૫ ગુણ, (૫) પિન્કીબેન જતિનભાઈ દોશી, મુંબઈ - ૮૮ ગુણ. મોક્ષમાળાની બંને પરીક્ષાનાં પ્રશ્નપત્રો તૈયાર કરવા, ઉત્તરપત્રોની તપાસણી, નિરીક્ષણ વગેરેમાં ઘનિષ્ઠ સેવાઓ આપનાર સર્વ શ્રી પરિમલભાઈ ખંધાર, મહેન્દ્રભાઈ ખંધાર અને અનુપમભાઈ શાહનું અભિવાદન થયું. પછી પૂ. રાકેશભાઈએ 'મોક્ષમાળા' અંતર્ગત અનાથી મુનિ શિક્ષાપાઠના આધારે અત્યંત મનનીય અને જીવન ઉપયોગી સુંદર સ્વાધ્યાય આપ્યો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **'ભાવપૂજા' કેસેટ :** શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, અમદાવાદ — રૂા. ૧,૫૫,૦૦૦/-
- **પુસ્તક પ્રકાશન :**
  (૧) આદ. શ્રી લીલાબેન હિંમતલાલ શાહ, મુંબઈ, હસ્તે શ્રી ચેતનભાઈ શાહ — રૂા. ૨૫,૦૦૦/-
  (જીવદયા ક્ષેત્રે રૂા. ૫૦૦૦/-)

(૨) શ્રી મીનાબેન બિપીનભાઈ મણિયાર, અમદાવાદ રૂ. ૧૧,૦૦૦/-

(૩) શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, કોબા રૂ. ૧૦,૦૦૦/-

(૪) શ્રી દીનાબેન નીતિનભાઈ પારેખ, મુંબઈ રૂ. ૧૦,૦૦૦/-

(૫) શ્રી અપૂર્વ જે મહેતા, મુંબઈ રૂ. ૧૦,૦૦૦/-

- **ગુરુકુળ :**

(૧) શ્રી વિરાજભાઈ પારેખ, હસ્તે. શ્રી બકુલભાઈ પારેખ, ચેન્નાઈ રૂ. ૧૮,૦૦૦/-
(એક વર્ષ માટે વિદ્યાર્થીના ખર્ચ પેટે)

(૨) શ્રી માનવકલ્યાણ ટ્રસ્ટ, અમદાવાદ, હસ્તે - શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ રૂ. ૧૦,૦૦૦/-

(૩) શ્રી મોતીલાલ ચીમનલાલ ગાંધી, મુંબઈ રૂ. ૧૦,૦૦૦/-

- **ભોજનાલય :**

(૧) શ્રી રમેશભાઈ શાંતિલાલ શાહ, અમદાવાદ રૂ. ૧૫,૦૦૦/-

(૨) શ્રી કોકિલાબેન એસ. વખારિયા, અમદાવાદ, હસ્તે શ્રી મૌલિકભાઈ જૈન રૂ. ૧૧,૦૦૦/-

- **જીવદયા :**

(૧) શ્રી રમેશભાઈ શાંતિલાલ શાહ, અમદાવાદ રૂ. ૧૫,૦૦૦/-

- **સાધારણ ખાતું :**

(૧) શ્રી ચંદ્રિકાબેન વિપાણી, CA (USA) રૂ. ૧,૦૦,૦૦૦/-
(છાશકેન્દ્ર, જ્ઞાનદાન, ચોપડા વિતરણ)

(૨) શ્રી વિમલાબેન ટી. સાવલા, મુંબઈ રૂ. ૨૦,૦૦૦/-

## સંસ્થામાં પીવાના પાણીની કાયમી પરબ

સંસ્થામાં પધારતા દર્શનાર્થીઓ તેમજ વટેમાર્ગુઓને સ્વચ્છ, ઠંડુ જળ મળી રહે તેવી કાયમી વ્યવસ્થા એક સુઘડ પાણીની પરબ બનાવીને કરવામાં આવી છે. તા. ૨૫-૯-૨૦૧૭ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે સંસ્થાના સંકુલમાં બનાવેલ કાયમી પરબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

## જ્ઞાનમંદિર, રાજકોટમાં શ્રી આત્મસિદ્ધિ વિધાનપૂજા સાનંદ સંપન્ન

શ્રીમદ્‌ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટના આમંત્રણને માન આપીને તા. ૭-૧૦-૨૦૧૭ના રોજ આપણી સંસ્થામાંથી યુવાસાધકો બા. બ્ર. સુરેશજી, બા. બ્ર. જનકબેન, બા. બ્ર. અલકાબેન તથા આદ. શ્રી કપિલભાઈ શ્રી આત્મસિદ્ધિ વિધાનપૂજા માટે જ્ઞાનમંદિર ગયા હતા. તેઓની સાથે સંસ્થામાંથી કેટલાંક મુમુક્ષુ ભાઈ-બહેનો પણ રાજકોટ પધાર્યા હતા.

ઉપરોક્ત યુવાસાધકોએ ખૂબ ભાવભક્તિપૂર્વક શ્રી આત્મસિદ્ધિ વિધાનપૂજા કરાવીને સૌના અંતરના તારને રાજભક્તિથી પ્લાન્વિત કરી દીધા હતા. રાજકોટના મુમુક્ષુઓ પણ ભાવવિભોર બની ગયા હતા. જ્ઞાનમંદિર, રાજકોટના ટ્રસ્ટીઓએ કોબા સંસ્થા અને યુવાસાધકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર મિશન


આદ. શ્રી ફૂલચંદજી શાસ્ત્રીજી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે અત્યંત અહોભાવ ધરાવે છે. તેઓ વિશ્વની કોઈ પણ દેશની ધરતી પર પ્રથમ વાર પગ મૂકતાં સ્થાનિક ભાષા શીખ્યા વિના સમજી બોલી - વાંચી શકે છે. ૨૫ ડિસે. ૨૦૧૪ના દિવસથી તેઓએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર મિશનનો શુભારંભ કર્યો. આ મિશનનું ધ્યેય ૧૪૨ દેશોમાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો સ્વાધ્યાય અને વીતરાગ વાણીની સુરક્ષા થાય એ છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીને સમર્પિત આ મિશનનું પરમકૃપાળુદેવના ૧૫૦મા જન્મ દિન ૪ નવેમ્બર, ૨૦૧૭ના શુભદિને સફળ સમાપન થશે. આ મિશન માટે સમગ્ર કોબા પરિવાર આદ. શ્રી ફૂલચંદજી શાસ્ત્રીજીને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

## વૈરાગ્ય સમાચાર

### કાળધર્મ પામ્યા છે



**[૧] મુંબઈ :** લીંબડી ગોપાલ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના પૂજ્ય શ્રી રામઉત્તમકુમારજી મ.સા.ના સુશિષ્ય **પૂજ્યશ્રી મહાસુખમુનિજી મહારાજ સાહેબ** (મુનિરાજ) તા. ૮-૯-૨૦૧૭ના રોજ અંધેરી(વે), મુંબઈ મુકામે સંથારાપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓ આગમપ્રેમી અને પ્રખર તપસ્વી હતા. તેઓ જૈન શાળાના પ્રખર હિમાયતી તેમજ સમયપાલન અને શિસ્તના ચુસ્ત આગ્રહી હતા. પૂજ્ય મહારાજ સાહેબની મોક્ષયાત્રા નિર્વિઘ્ને સંપન્ન થાય તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] બોટાદ :** આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુ બહેન આદ. બા.બ્ર.શ્રી સુરેખાબેન શાહના નાનાભાઈ **શ્રી કમલેશભાઈ ભોગીલાલ શાહ**નું તા. ૭-૯-૨૦૧૭ના રોજ ૫૪ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે. તેઓ ખૂબ ધાર્મિક વૃત્તિના, સંસ્કારપ્રેમી અને મિલનસાર સ્વભાવના હતા. જીવદયા તેમના લોહીમાં વણાયેલી હતી. જીવદયા માટે તેઓ પ્રતિદિન રૂા. ૧૦૦/-નો ખર્ચ કરતા હતા. તેઓ શિસ્તપાલનના આગ્રહી અને કુટુંબપ્રેમી હતા. તેઓ પોતાના ધર્મપત્ની સાથે અવારનવાર સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લેતા હતા. ખાસ કરીને શિબિરોમાં તેઓ અવશ્ય પધારતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : જીવન પ્રસંગાવલી**

**લેખિકા :** ભાનુબેન ડી. શાહ

**પાના :** ૧૩૫ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૭ ● **મૂલ્ય :** સ્વાધ્યાય

**પ્રાપ્તિસ્થાન :** ભાનુબેન ડી. શાહ - ૨૬, મીલપરા, તપોવન એપાર્ટમેન્ટ નં.૨, કાંતા સ્ત્રી વિકાસગૃહ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨ ફો.ન. : (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

આ પુસ્તકમાં ગુરુની અનિવાર્યતા, ગૃહિણીની જતના, કર્મનાં ફળ, સ્ત્રીઓ અને સમાજ, દયનીય વૃદ્ધાવસ્થા, વિવિધરંગી તહેવારો, ભક્તિ, યાત્રાનો લહાવો, દેહનું મહાપ્રસ્થાન વગેરે વિષયો પર દૃષ્ટાંતો સહ ચિંતનાત્મક ભાથું પ્રસ્તુત કરેલ છે.

**[૨] પુસ્તકનું નામ : શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં ઉલ્લિખિત વ્યક્તિઓ તથા ગ્રંથોનો પરિચય**

**સંપાદક :** શ્રી અશોકકુમાર જૈન, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

**પ્રાપ્તિસ્થાન :** Ratnatraya Marketing Co. - Umachagi Bldg. 2nd Floor, Belgaum Galli, Hubli - 580028 (Karnataka) Ph. (0836) 2367521, 2364605, 2216250 (M) 9448982360

**મૂલ્ય** રૂા. ૫૦/- ● **૧૨૨ પાના**

આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ જે ગ્રંથો તથા વ્યક્તિઓ વિષે પોતાના પત્રોમાં ઉલ્લેખ કરેલો છે તે ગ્રંથો અને વ્યક્તિઓ (કુલ ૨૦૬) વિશે ખૂબ સુંદર માહિતી આપવામાં આવી છે. આ લખાણ કોણે તૈયાર કરેલું તેની ચોક્કસ માહિતી મળતી નથી. અનુમાનતઃ પંડિતરત્ન શ્રી ગુણભદ્રજીએ આ લખાણ તૈયાર કરેલું છે. તેમાં થોડો ઉમેરો અને ફેરફારો કરીને અગાસ આશ્રમમાં રહેતા શ્રી અશોકભાઈ શાહે આ પુસ્તકનું સુંદર સંકલન કરેલ છે. આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

**અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મ-સાક્ષાત્કાર છે. - શ્રીમદ્ રાજચંદ્રજી**

## માનવભવ આવ્યો છે હાથ

**પ્રેષક : પૂર્ણિમાબેન શાહ**

માનવભવ આવ્યો છે હાથ, મહત્પુણ્યની એ છે વાત,
ગુરુવચનો મળ્યા છે સાથ, પ્રેમે ગ્રહીએ સદ્ગુરુપ્રસાદ.
સમજાવે ગુરુદેવ જે વાત, જીવ જો કરે તે આત્મસાત્,
શુદ્ધ સ્વરૂપ ત્યાં જીવનું થાય, જીવમાંથી એ શિવ થાય.
આશાતના જ્ઞાનીની થાય, અનંતસંસાર ત્યાં ઊભો થાય,
જ્ઞાની પુરુષ જ્યાં ઓળખાય, અનંતકાળનું ભ્રમણ જાય.
જ્ઞાનરવિનો જ્યાં ઉદય થાય, અજ્ઞાનરૂપી અંધકાર જાય,
અનંતકાળના કર્મો હણાય, મોક્ષપદની પ્રાપ્તિ થાય.
કર્મબંધની જડ છે ત્રણ, રાગ, દ્વેષ, અજ્ઞાનને ગણ,
રાગદ્વેષની ગ્રંથિ જાય, અજ્ઞાનતિમિર ત્યાં હણાય.
વેદના દેહનો ધર્મ જણાય, સમ્યક્પ્રકારે એ વેદાય,
સમભાવે જ્યારે રહેવાય, નવો બંધ ત્યારે ન થાય.
અલ્પ પણ નિજ દોષ દેખી, મનમાં ક્લેશ અતિશય થાય,
કોઈનો દોષ જ્યારે ન જણાય, ત્યારે સમ્યક્દૃષ્ટિ કહેવાય.
જ્યાં છે ઇચ્છા ત્યાં છે દુઃખ, ઇચ્છારહિતને સાચું સુખ,
મોહવિકલ્પથી ઊપજે સંસાર, મોહવિલયથી દુઃખનો પાર.
શમ, સંવેગ અને નિર્વેદ, આસ્થા, અનુકંપા એ પાંચ ભેદ,
એ ધર્મકથા છે સ્મરણજોગ, મનન કરી અનુભવવું યોગ્ય.
જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે, તે ધ્યાનાદિને ઇચ્છે નહીં,
જ્ઞાનીને ઇચ્છે ઓળખે ભજે, તે ઉત્તમ મુમુક્ષુ કહેવો ઘટે.

## આપણી સંસ્થામાં 'પ્રોજેક્ટ ભાસ્કર' અંતર્ગત સોલાર ઈલેક્ટ્રીક પ્લાન્ટના ઉદ્‌ઘાટન વેળાએ (તા. ૧૫-૧૦-૨૦૧૭)











સંસ્થામાં પીવાના પાણીની પરબના ઉદ્‌ઘાટન વેળાએ



## શ્રી જ્ઞાનમંદિર, રાજકોટમાં શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા વેળાએ (તા. ૭-૧૦-૨૦૧૭)



Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થામાં આયંબિલની ઓળી કરનારા તપસ્વીઓના પૂજ્યશ્રીના હસ્તે પારણા





## શ્રી મોક્ષમાળા પ્રતિયોગિતામાં પ્રથમ ક્રમાંક મેળવનારા શ્રી મીનાબેન ધીરેનભાઈ શાહ (ઘાટકોપર) અને શ્રી પૂર્વીબેન હિમાંશુભાઈ સંઘવી (રાજકોટ)નું અભિવાદન





### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' નવેમ્બર - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
'દિવ્યધ્વનિ'ના સ્થાપકતંત્રી શ્રી હરિભાઈ મોહનલાલ શાહ તથા શ્રીમતી કાંતાબેન હરિલાલ શાહની પુણ્યસ્મૃતિમાં, હસ્તે : શ્રી મુકુલભાઈ, શ્રી હેમાંગભાઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' નવેમ્બર - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
આદ. શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવાર, વાલકેશ્વર, મુંબઈ
હસ્તે : શ્રી શિશિરભાઈ અને શ્રી સમીરભાઈ મહેતા
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah